આત્મધર્મ



સૌ આત્માને શાંતિ....શાંતિ....શાંતિ થાઓ —પૂજ્ય ગુરુદેવ

આત્મધર્મ



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મરૂપી મળથી રહિત કેવળજ્ઞાનાદિ અનંત ગુણરૂપ દેવાધિદેવ પરમ આરાધ્ય સિદ્ધપરમેષ્ઠી મુક્તિમાં નિવાસ કરે છે; તેના જેવા જ સર્વ લક્ષણો સહિત પરબ્રહ્મ, શુદ્ધ, એક સ્વભાવ પરમાત્મા, ઉત્કૃષ્ટ શુદ્ધ દ્રવ્યાર્થિકનય વડે શક્તિરૂપ પરમાત્મા દેહમાં વસે છે. માટે હે પ્રભાકર ભટ્ટ! તું સિદ્ધ ભગવાનમાં અને તારામાં ભેદ ન જો.

(—શ્રી પરમાત્મપ્રકાશ, પ્રથમ અધિ. ગા૦ ૨૬)

* જે પુરુષ રાત્રિભોજન છોડે છે તે એક વર્ષ દિવસમાં છ માસના ઉપવાસ કરે છે. રાત્રિભોજનના ત્યાગથી ભોજન સંબંધી આરંભ પણ ત્યાગે છે તથા વ્યાપારાદિ સંબંધી આરંભ પણ છોડે છે. તેથી તે જીવ મહાન દયા પાલન કરે છે.

(સ્વામી કાર્તિક—બાર અનુપ્રેક્ષા. ગાથા ૩૮૩)

* નિશ્ચયથી રાત્રે ભોજન કરવામાં અધિક રાગભાવ છે અને દિવસે ભોજન કરવામાં ઓછો રાગભાવ છે, જેમ અન્નના ભોજનમાં રાગભાવ ઓછો છે અને માંસના ભોજનમાં રાગભાવ અધિક છે. (સૂર્યાસ્ત પછી સૂક્ષ્મ ત્રસ જીવોની ઉત્પત્તિ થતી હોવાથી, રાત્રિભોજન કરવું તે માંસ–ભક્ષણ સમાન મહાન દોષિત છે. પૂજ્ય ગુરુદેવશ્રી પણ ફરમાવતાં હતાં કે જિનવાણી સાંભળનાર પાત્ર શ્રોતાને રાત્રિભોજન ન હોય. આથી કોઈ પણ ક્ષેત્રમાં વસતાં મુમુક્ષુએ રાત્રિભોજન ત્યાગવા યોગ્ય છે.)

(શ્રી અમૃતચંદ્ર આચાર્ય, પુરુષાર્થસિદ્ધિઉપાય, ગાથા–૧૩૨ તથા ટીકા)

વાર્ષિક લવાજમ રૂપિયા નવ
વર્ષ ૩૯
અંક ૫
[ ૪૬૯ ]




વીર સંવત ૨૫૦૮
A.D. 1982
NOV.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# 卐 ગુરુ-મહિમા 卐

શાસન તણા શિરોમણિ સ્તવના કરું 'ગુરુ કહાનની',
તુજ દિવ્યમૂર્તિ જળહળે અધ્યાત્મરસના રાજવી. ૧
અધ્યાત્મ કલ્પવૃક્ષના ફળનો રસીલો તું થયો,
તું શીઘ્ર રસ સાધક બન્યો અંતર તણી સૃષ્ટિ લહ્યો. ૨
તું લોકસંજ્ઞા જીતિને અલમસ્ત થઈ જગમાં ફર્યો,
પરમાત્મનું ધ્યાન જ ધરી તુજ આત્મને સ્વચ્છ જ કર્યો. ૩
પ્રતિબંધ ટાળી લોકનો આનંદની મોજે રહ્યો,
તેં શુદ્ધ ચેતનધર્મનો અનુભવ હૃદયમાંહી લહ્યો. ૪
અંતર તણા આનંદમાં શૂરતા લગાવી પ્રેમથી,
શુભ દ્રવ્ય ભાવે તપ તપેથી શુદ્ધિ કરી શુભ નેમથી. ૫
નિંદા કરી ના કોઈની નિંદા થઈ સહુ તેં સહી,
શુદ્ધ આત્મરસભોગી ભ્રમર શુભ દૃષ્ટિ તારામાં રહી. ૬
ઔદાર્યને તેં આદરી જગમાં જણાવ્યું બોલથી,
આચારમાં મૂકી ઘણું જોયું અનુભવ તોલથી. ૭
તારા હૃદયની ગૂઢતા ત્યાં મૂઢજનની મૂઢતા,
જે આત્મયોગી હોય તે જાણે ખરે તવ શુદ્ધતા. ૮

卐 卐

# હે જીવ! કેવળજ્ઞાનસ્વભાવી આત્માને જાણ

શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૨૨-૬-૬૬

જીવ-અજીવના ભેદનું જ્ઞાન તે જ છે જ્ઞાન;
કહે યોગીજન યોગી હે! મોક્ષ હેતુ એ જાણ. ૩૮.

હે ધર્મી! હે યોગી! જડ અને ચૈતન્ય બંને તદ્દન જુદા છે—એમ જો ભેદજ્ઞાન કરીશ અથવા પોતાને શુદ્ધ જ્ઞાની ને આનંદમય સ્વરૂપે જોઈશ અને રાગ-દ્વેષ-કર્મ આદિને અજીવ સ્વરૂપે જોઈશ તો મોક્ષનું કારણ પ્રગટ થશે. અહા! જીવ-અજીવનો ભેદ જાણ એટલે કે જીવ તે શુદ્ધ જ્ઞાન આનંદાદિ સ્વરૂપે છે અને રાગ, કર્મ, શરીર આદિ તે બધાં અજીવ છે—એમ જાણવું. જીવ અને અજીવનો અનાદિ સંબંધ છે, કેમકે બેનો સંબંધ ન હોય તો બંધ જ ન હોય. વળી જયારે બેનો સંબંધ તૂટે ત્યારે મુક્તિ થાય. માટે આ બેનું જ્ઞાન બરાબર કરવું. આ જ મોક્ષનું કારણ છે. જીવ અજીવનું ભેદજ્ઞાન તે જ મુક્તિનું કારણ છે. એમ ભગવાને કહ્યું છે.

"ભેદજ્ઞાન તે જ્ઞાન છે બાકી બૂરો અજ્ઞાન." આત્મા અને જડ ભિન્ન છે ને? કેમ કે તે ભિન્ન ન હોય તો, સંબધનો બંધ અને બંધના અભાવરૂપ મુક્તિ કોઈ રીતે સિદ્ધ નહિ થાય. તેથી બંનેના સ્વરૂપ, લક્ષણ, ભાવ જુદા છે એમ બરાબર ભિન્ન જાણે તો તેને મોક્ષનું કારણ એવા આત્મસ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિ પ્રગટ થાય. આમ ભગવાને કહ્યું છે.

આત્મા રાગાદિ પરથી જુદો છે અને પોતાના શુદ્ધ સ્વભાવથી અભેદ એક છે એવું ભેદજ્ઞાન કરે તો સ્વભાવ સન્મુખતાની એકતા થાય ને પર સન્મુખતા જાય, એ રીતે આત્મ-અનુભવ કરતાં મોક્ષ થાય.

હવે સાર કહે છે—જીવની ઓળખાણ આપે છે:

યોગી કહે રે જીવ તુ, જો ચાહે શિવલાભ;
કેવળજ્ઞાનસ્વભાવી આ આત્મતત્ત્વને જાણ. ૩૯.

હે યોગી! સર્વજ્ઞ પરમેશ્વરે અથવા સંતોએ કહ્યું છે કે તું કેવળજ્ઞાનસ્વભાવી આત્માને જાણ! કેવળજ્ઞાનસ્વભાવી એટલે કેવળજ્ઞાન પર્યાયની વાત નથી. પણ એકલો જ્ઞાનસ્વભાવ એકલો જ્ઞાનસ્વભાવ. તેમાં સર્વજ્ઞસ્વભાવ આવી ગયો. આત્મા આખો જ્ઞાનસ્વરૂપ છે તેને જાણ!

આત્મા દેહથી ભિન્ન એકલી કેવળજ્ઞાનની મૂર્તિ છે—એમ ભાન થવું જોઈએ. દેહ કહેતાં રાગાદિ બધાં પરમાં જાય છે. એકલો ચૈતન્યસ્વરૂપ પ્રભુ કેવળજ્ઞાન સ્વભાવનો ધરનાર–રાગનો ધરનાર નથી પણ જાણકસ્વભાવી છે.

હવે જો મોક્ષનો લાભ ચાહતો હો, અર્થાત્ નિર્મળ આનંદની પૂર્ણ પર્યાયની પ્રાપ્તિને ઇચ્છતો હો–પૂર્ણ પવિત્રતા પ્રગટાવવી હોય તો તે કેવળજ્ઞાનસ્વભાવી આત્માને તું જાણ! અનુભવ કર! અકેલા જ્ઞાનસ્વભાવનો અનુભવ કરવાથી તને મુક્તિ મળશે. આત્માને જાણવાનું કહેતાં તેમાં પ્રતીત, સ્થિરતા ને આનંદનો અંશ આદિ બધું આવી જાય છે. 'જાણ'! જાણવામાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ આખો મોક્ષમાર્ગ આવી ગયો. કેવળજ્ઞાનસ્વભાવી કેમ કહ્યો? કે જ્ઞાનગુણમાં જ બીજા અનંત ગુણોનો પ્રતિભાસ થાય છે. તે જ્ઞાનથી જ બીજા ગુણોનું ભાન થાય છે પણ બીજા ગુણોના ભાનથી તેનું જ્ઞાન થાય છે એમ નથી. બીજા ગુણો અસ્તિત્વ રાખે છે પણ તેઓ બીજા ગુણોને જાણતાં નથી અને પોતે પોતાને પણ જાણતાં નથી. જ્યારે જ્ઞાનગુણ તો એવો છે કે પોતાને જાણે છે ત્યારે બીજા બધાં ગુણો આવા છે એમ જાણી લે છે. આનંદનો અનુભવ થાય પણ જાણે છે તો જ્ઞાન કે આ આનંદનો અનુભવ છે. તેમ સમ્યક્‌દર્શન પોતાને નથી જાણતું પણ જ્ઞાન જાણે છે કે આ સમ્યક્‌દર્શન છે. દરેક આત્મા સર્વજ્ઞસ્વભાવી છે. જ્ઞાન કહેતાં દરેક ગુણનું જ્ઞાન આવી ગયું.

આમાં અમારે ક્રિયા શું કરવી?—આ જ્ઞાનસ્વરૂપી આત્મા છે તેમ જાણવું તે ક્રિયા નથી? પણ બહારમાં કાંઈ ફેરફાર દેખાતો નથી. પરંતુ આત્મા જ ક્યાં બહારમાં છે કે જેથી બહારમાં ફેરફાર દેખાય? શું કહ્યું? વાણી–શરીરમાં આત્મા નથી તો તેનો ફેરફાર બહારમાં ક્યાંથી દેખાય? જ્ઞાનસ્વરૂપી આત્મા એનો ફેરફાર તો એ જ્યાં છે ત્યાં દેખાય. એની ક્રિયાનો પલટો એની દશામાં દેખાય. બહારની ક્રિયાથી એ ન જણાય–એનું માપ ન આવે. જ્ઞાની બહારની ક્રિયામાં લડાઈમાં લડતો દેખાય, પણ અંદરમાં તો રાગનું સ્વામીપણું છોડી આત્માનું સ્વામીપણું કરીને બેઠો છે. જ્યારે અજ્ઞાની બહારમાં બધાં સંયોગો છોડી દે છે છતાં અંદર બધાનું સ્વામીપણું તો પડ્યું છે. તેથી તે બધાં સંયોગોની વચ્ચે જ બેઠો છે. કાંઈ છૂટયું નથી. તેથી કહે છે કે હે જીવ! જો તું શિવલાભ ઇચ્છતો હોય તો કેવળજ્ઞાનસ્વભાવી આત્મતત્વને જાણ.

કોણ કોની સમતા કરે, સેવે, પૂજે કોણ;
કોની સ્પર્શાસ્પર્શતા, ઠગે કોઈને કોણ?
કોણ કોની મૈત્રી કરે, કોની સાથે ક્લેશ;
જ્યાં દેખું ત્યાં સર્વ જીવ, શુદ્ધ બુદ્ધ જ્ઞાનેશ. ૪૦

જ્ઞાનીને હરેક જગ્યાએ આત્મા જ દેખાય છે. આ શરીરાદિ તો જડ છે ને રાગાદિ તો વિકાર–દોષ છે તે કાંઈ આત્મા નથી. આત્માના જાણનારને તો દરેક જગ્યાએ આત્મા જ ભાસે છે. એમ આ ગાથામાં કહે છે.

ભગવાન આત્મા....આનંદ સ્વરૂપી જ હું આત્મા છું. એમ જેને ભાસ્યું તેને હવે શું કરવું રહ્યું? હવે કોણ સમાધિ કરે? –કેમ કે જ્યાં આત્માને જાણ્યો છે ત્યાં તેમાં સ્થિર થયો જ છે. હું જ પોતે પરમાત્મસ્વરૂપનો ધરનાર છું એમ જ્યાં ભાસ્યું ત્યાં હવે તે કોની પૂજા કરે? એ તો પોતાની પૂજા કરે છે. એ તો શુભભાવ હોય ત્યારે ભગવાનની પૂજા કરે પણ હવે જ્યાં આત્મા જ શુભભાવથી ભિન્ન ચૈતન્યસ્વરૂપે ભાસ્યો ને તેમાં ઠર્યો ત્યાં પોતે જ પોતાનું બહુમાન કરે છે. માટે હવે તેને બીજાનું પૂજન કરવાનું રહ્યું નહિ. પોતે જ આત્મા સત્ ચિદાનંદ છે એમ ભાસતાં જ્યાં ભાવ પ્રગટયાં ત્યાં હવે કોની સાથે સ્પર્શ-અસ્પર્શ કરે? જેણે પોતાને જાણ્યો તેને હવે સ્પર્શ-અસ્પર્શ કાંઈ રહેતું નથી.

પોતાને જ્ઞાનવાન જાણ્યો ત્યાં બીજાનાં આત્માને પણ જ્ઞાનવાન ભગવાન આત્મા જાણે છે. ત્યાં તે કોને ઠગે? કોની સાથે માયાચાર કરે? બધાંને ભગવાન ભાળે ત્યાં કોની સાથે માયાચાર કરે? એમ કહે છે. આત્માને જાણતો ન હતો ત્યાં સુધી માયાચાર કર્યો પણ હવે કોની સાથે માયા ચાર કરે? કેમ કે તે આત્માનું સ્વરૂપ જ નથી.

કોની સાથે શત્રુ–મિત્રપણું કરે? બધાં પરમાત્મા છે. બધાં પરમાત્મા છે તો હવે કોની સાથે મૈત્રી કરવી? કોનું ભજન કરવું? આમ જાણનાર પોતે તો અતીન્દ્રિય આનંદના મણકા ફેરવે છે એને તો જ્ઞાન ને આનંદના મણકા પર્યાયમાં ફરે છે. તો હવે એ બીજા કોની માળા ફેરવે? અને જ્યાં પોતાને શાંતસ્વભાવી જાણ્યો ત્યાં પરના આત્માને પણ એ કલેશ રહિત શાંતસ્વભાવી જ જાણે છે ત્યાં કોની સાથે કલેશ કરી શત્રુ–મિત્રતા કરે?

અહા! એને તો જ્યાં જુએ ત્યાં ભગવાન આત્મા જ દેખાય છે, જણાય છે. પણ બધાં મળીને એક આત્મા છે એમ જણાય છે એવું નથી. પરંતુ પોતાના આત્માને જેવો રાગાદિ રહિત જોવે છે તેવો જ બીજાના આત્માને જોવે છે. અહા! પહેલાં જીવ-અજીવનો ભેદ કરવાનું કહ્યું, પછી કેવળજ્ઞાનસ્વભાવી આત્મા કહ્યો અને હવે પોતાના જેવો જ બધાંના આત્માને જાણે છે એમ કહ્યું. જ્ઞાની જેવી દૃષ્ટિએ પોતાને જોવે છે તેવી જ દૃષ્ટિએ બીજાના આત્માને જોવે છે. બીજાના આત્માને પણ તે શરીર–રાગાદિથી રહિત જાણે છે. અરે! પરમાણુ આદિને જુએ છે તોપણ ત્યાં જ્ઞાન ભાસે છે, કે હું તો જાણનાર છું. રાગાદિને જોતાં પણ જાણનારું જે જ્ઞાન છે તે જ્ઞાનને જાણે છે, માટે જ્યાં હોય ત્યાં આત્મા જ જણાય છે. બીજાને જોતાં પણ પોતાના જ્ઞાનને જ દેખે છે, આવો ધર્મ જીવે કોઈ દિ' સાંભળ્યો

નથી. અનાદિથી ચોરાશીના અવતારમાં ભટકીને ભૂકા થઈ ગયા, તોપણ જ્ઞાન તે આત્મા તેમ જાણ્યું નહિ પણ આત્માને અનાત્મા માન્યો અને અનાત્માને આત્મા માન્યો.

બીજાના દોષનું જ્ઞાન થયું પણ ત્યાં જ્ઞાન થયું ને! તો જ્ઞાન થયું તે પોતામાં થયું છે. માટે પોતાનું જ્ઞાન થયું છે પણ દોષનું જ્ઞાન થયું નથી. માટે જ્યાં હોય ત્યાં પોતાનું જ્ઞાન થાય છે-પોતાનું જ્ઞાન જણાય છે.

જ્ઞાનની મૂર્તિ છે એમ અંતરભાન થતાં તે બધેય જ્ઞાન અથવા આત્મા જ ભાળે છે. જેમ ખેતરમાં ચણા વાવ્યા હોય તો ખેડૂતની નજર ચણા ઉપર જ હોય. કેટલા થયા છે? ને કેવા થયા છે? એમ એની નજર ચણા ઉપર હોય. પણ ડાળા-પાંદડા ઉપર નજર ન હોય. તથા જેમ સોનામાં મણિ જડેલ હોય ને ઝવેરી પાસે જાવ તો તેની દૃષ્ટિ મણિ પર જ હોય; સોના પર નહિ કેમ કે તેને મણિનું કામ છે જ્યારે સોનીને ત્યાં જાવ તો તેની દૃષ્ટિ સોના ઉપર જ હોય, તેમ જેને આત્માની શ્રદ્ધા જ્ઞાન ને ભાન થયું તેને જ્યાં હોય ત્યાં આત્માનો પાક જ દેખાય કે હું જાણનાર-દેખનાર છું. બીજું મારામાં છે નહિ ને હું જ મને જાણનાર-દેખનાર છું.

હવે અનાત્મજ્ઞાની કુતીર્થમાં ભમે છે તેમ કહે છે:—

સદ્ગુરુ વચન પ્રસાદથી, જાણે ન આતમદેવ;
ભમે કુતીર્થે ત્યાંસુધી, કરે કપટના ખેલ. ૪૧

ગુરુ મહારાજના પ્રસાદથી દેહદેવળમાં બિરાજમાન પોતાના આત્માને સચ્ચિદાનંદ-સ્વરૂપ-પોતાના દેવને સચ્ચિદાનંદસ્વરૂપ જ્યાં નથી જાણતો ત્યાં સુધી કુતીર્થોમાં ભમે છે, જ્યાં ત્યાં ભટકયા કરે છે.

નદીમાં સ્નાન કરવા જાય તો કલ્યાણ થાય ને! અરે ધૂળમાં કલ્યાણ થાય! ત્યાં માછલા તો ઘણાં સ્નાન કરે છે! તો શું તેનું કલ્યાણ થઈ જશે? કુતીર્થોમાં લાભ માનવો તે લોકમૂઢતા છે. વિષયોની પ્રાપ્તિ માટે જીવ મિથ્યાદેવ, મિથ્યાગુરુ ને મિથ્યા શાસ્ત્રોની ખૂબ પૂજા-ભક્તિ કરે છે. પણ તે મૂઢતા છે. શુદ્ધાત્માને અનુભવવો તે દેવની સાચી પૂજા છે, સમ્યગ્દર્શન છે. બાકી કુતીર્થોમાં રખડવાથી કાંઈ લાભ થાય નહિ. તૂંબડીનો દાખલો આવે છે ને કે તૂંબડાંને તીર્થમાં ખૂબ નવરાવી પણ એની કડવાશ તો ગઈ નહિ. તો પછી શું તારી કડવાશ તીર્થમાં નાવાથી ચાલી જશે? અહા! ભ્રમણારૂપી ઝેર તો ઉતર્યા નથી તો પછી શેના તીર્થ કર્યા?

હવે કહે છે નિજ શરીર જ નિશ્ચયથી તીર્થ અને અને મંદિર છે.

તીર્થ-મંદિરે દેવ નહિ—એ શ્રુતકેવળી વાણ;
તન-મંદિરમાં દેવ જિન, તે નિશ્ચયથી જાણ. ૪૨.

[ અનુસંધાન પાનું........૧૧ ]

# નિજ સ્વભાવમાં સુખને શોધ, તો પરિભ્રમણના દુઃખ ટળશે

[ શ્રી ઇષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૨૬-૩-૬૬ ]

જેમ દૂધમાં રવૈયો (-દંડ) બહુ ફર્યા કરે છે, તેમ પોતાનું સ્વરૂપ કે જે આનંદ અને જ્ઞાન છે તેના ભાન વિના શુભ ને અશુભ રાગ અને તેમાં મને સુખ છે તેવા મિથ્યાત્વભાવથી જીવ અનંતકાળથી રવૈયાની માફક સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. તીર્થંકર સર્વજ્ઞદેવે જે આત્મા જોયો તે આત્મા તો અંદર જ્ઞાન આનંદ સ્વરૂપ છે. પણ તે અતીન્દ્રિય આત્મસ્વરૂપને ભૂલીને પુણ્ય-પાપના ભાવથી અને તે મારા છે એવાં મિથ્યાત્વભાવથી નવા કર્મ બાંધીને અનંતકાળથી ચોરાશીમાં પરિભ્રમણ કરી રહ્યો છે. તેને ક્યાંય સુખ છે નહિ કેમકે સુખ તો આત્મામાં છે, આત્માની શાંતિ આત્મામાં છે, અને સર્વજ્ઞ પરમેશ્વરે તે આત્માની શાંતિ અંદરમાંથી પ્રગટ કરીને પૂરણ આનંદની પ્રાપ્તિ કરી છે. પરંતુ એ આત્માની શાંતિ અજ્ઞાનીને મૂઢતાને લઈને સંતાઈ ગઈ છે. તેને ભાન નથી કે આ આત્મા શું? અને હું શેમા શાંતિ માની રહ્યો છું! તેણે પુણ્ય-પાપના વિકારી ભાવને સુખરૂપ માન્યા છે અને તેના બંધનને પણ ઠીક માન્યું છે કે આ પુણ્ય-બંધન હોય તો ઠીક તથા તેના ફળ તરીકે ધૂડ ધન આદિ સંયોગ મળે તે પણ ઠીક. પણ તેમાં સુખ કે દિ' હતા? શું મૂઢ માને એટલે સુખ મળી જાય? ઝેર ખાય ને જીવન માગે તો જીવન મળી જાય?

આત્માનો ધર્મ-સ્વભાવ આત્મામાં છે, તો તેવા આત્માના સ્વભાવને અંદર ન માનતાં શુભાશુભ રાગ-વિકાર, તેનું બંધન અને તેના ફળમાં મને ઠીક છે એમ અનાદિથી માની રહ્યો છે. પોતાનું હિત જે સંવર-નિર્જરા ને મોક્ષની દશા તે તો પોતાના અંતર સ્વભાવમાંથી પ્રગટે તેવી ચીજ છે. તે કાંઈ બહારથી આવે એવી ચીજ નથી. છતાં તેનું ભાન નહિ હોવાથી સુખને માટે બહારમાં મથી રહ્યો છે. બહારનો ત્યાગી થયો હોય તોપણ જો અંદરમાં શુભરાગમાં મીઠાસ માને છે તો તે મિથ્યાત્વનો ત્યાગી નથી, પણ સમ્યગ્દર્શનનો ત્યાગી છે ને તેણે મિથ્યાત્વને ગ્રહણ કર્યું છે.

પ્રશ્ન:—સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર વડે સિદ્ધપદ પ્રાપ્ત થાય છે ને ત્યાં મોક્ષમાં જીવ સુખી રહે છે, પણ સંસારમાં જીવ સુખી રહે તો શું નુકશાન છે? સંસારના સર્વ જીવ સુખની પ્રાપ્તિ કરવા ઇચ્છે છે. હવે જો સંસારમાં સુખી થઈ જાય તો ખરાબ શું છે? કે જેથી તેનો નાશ કરવા માટે સંતપુરુષ પ્રયત્ન કરે છે?

તેના ઉત્તરમાં ગુરુ કહે છે કે—

એક વિપદને ટાળતાં, અન્ય વિપદ બહુ આય,
પદિકા જ્યમ ઘટિયંત્રમાં, એક જાય બહુ આય. ૧૨.

હે વત્સ! પાણીમાં ચાલતા રેંટની માફક સંસારમાં એક આપદા જાય ત્યાં બીજી આપદા આવે છે. જેમકે સ્ત્રી મેળવવા જાય ત્યાં લક્ષ્મી ચાલી જાય. લક્ષ્મી મળે ત્યાં છોકરો જાય ને છોકરો બીજો મળે ત્યાં શરીરમાં ક્ષય લાગુ પડી જાય. આ તો બહારની અપેક્ષાથી વાત છે. આમ સંસારના પરિભ્રમણના કાળમાં એક પછી એક વિપત્તિઓ આવીને ઊભી રહે છે. આ આત્મામાં સુખ છે તે ભૂલીને બહારમાં પૈસા વિગેરેમાં સુખ માને છે તે તારી દૃષ્ટિમાં મિથ્યાત્વ છે.

આચાર્ય તો અહીં કહે છે કે પુણ્ય-પાપ વિનાની ચીજ જે આત્મા તેનું જ્યાં સુધી ભાન ને ઓળખાણ નહિ કર, ત્યાં સુધી તારા દુઃખ મટશે નહિ. બહારમાં એક પછી એક વિપત્તિ ચાલ્યા જ કરે છે, તેમાં સુખ કયાંય છે નહિ. તેથી સંસાર શબ્દે જેનાથી પુણ્ય-પાપ ફળે તેવા શુભાશુભ ભાવ તેનો નાશ કરે છૂટકો છે. જ્યાં સુધી પુણ્ય-પાપ કરશે ત્યાં સુધી તેના ફળ અનુકુળ-પ્રતિકૂળ મળશે અને પરિભ્રમણ કર્યા કરશે. વીતરાગ પરમેશ્વર તીર્થંકરદેવ કહે છે કે આ આત્મા પુણ્ય-પાપના ફળ રહિત, બંધ રહિત ને પુણ્ય-પાપના ભાવ રહિત છે ને તેનું ભાન કર્યે સંસારનો નાશ થાય છે. તે સિવાય દુઃખના નાશનો બીજો કોઈ ઉપાય છે નહીં. કોઈને બહારમાં કાંઈ ન હોય તોપણ પુણ્ય-પાપને પોતાના માનનારો આકુળતા દુઃખ ને મિથ્યાત્વને જ સેવે છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' તેવું આત્માનું સ્વરૂપ છે, તે અંદર આનંદથી ભરેલો જ છે, સાક્ષાત્ પરમેશ્વર સ્વરૂપ જ છે તો તે અંદરની પડેલી શક્તિનો વિકાસ કરતાં પરમાત્મા થાય છે પણ બહારથી પરમાત્મા થતો નથી.

રૂની પૂણીના દોરાની જેમ વિકલ્પની લાળ એક પછી એક હાલ્યા જ કરે છે. આ કરું, આ કરું, આ કરું, વિકલ્પ, વિકલ્પ પુણ્ય-પાપના વિકલ્પ રાગદ્વેષના વિકલ્પ તેની ઝાળ તો સળગ્યા જ કરે છે ને તે દુઃખ છે. અહા! પ્રતિકૂળ સંયોગ, નિર્ધનતા, રોગ તે દુઃખ નથી. પરંતુ તે મને થયું તેવી માન્યતા તેને દુઃખરૂપ થાય છે. જે રોગ થયો છે તે સુખ પણ નથી અને દુઃખ પણ નથી પરંતુ નવ તત્ત્વમાં તે અજીવતત્ત્વ છે, પુદ્ગલની દશા છે, તો પછી તેમાં આત્માને દુઃખ કયાંથી થયું? પણ મૂઢ માને છે કે મને રોગ ને આને નિરોગતા તેમ ભાગલા પાડીને મિથ્યાત્વભાવથી દુઃખી થઈ રહ્યો છે; બહારની ચીજમાં સુખ-દુઃખ કલ્પે છે તેને વીતરાગદેવ મિથ્યાવત્ભાવ કહે છે. સુખ નથી તેમાં સુખ માનવું તેને વિપરીત દૃષ્ટિ કહે છે. પછી ભલે ગમે તે દયા-દાન વ્રતાદિ કરતો હોય પણ મિથ્યાદૃષ્ટિ છે. ભગવાન આનંદ સ્વરૂપ છે તેની અનુભવદૃષ્ટિ કરીને, શુભાશુભભાવ જે સંસાર છે તેનો નાશ કરે છૂટકો છે તે સિવાય સુખ ત્રણ કાળમાં નથી.

પાપ-પુણ્યનું ચક્ર અનાદિથી ચાલ્યું આવે છે. જે કલ્પનાથી ઇન્દ્રાણી વિગેરેમાં સુખ માને છે તે કલ્પના જ તેનું દુઃખ છે. સુધર્મ દેવલોક-બત્રીસ લાખ વિમાનનો લાડો શક્રેન્દ્ર જેને ક્રોડો ઇન્દ્રાણી અને બે સાગરનું આયુષ્ય છે એને ઇન્દ્રિય વિષયમાં લક્ષ જાય છે તે આકુળતા ને દુઃખ છે. અરે જેમ ઘરના ભર્યા ભાણા મૂકીને પરમાં ચાટવા જાય છે તેમ પરમાત્મા કહે છે તારા ભર્યા ભાણા અંદરમાં છે. અતીન્દ્રિય આનંદથી ભરેલો તું છો. શાંતિનો સાગર તું છો. પણ તે અંદર નજરું કરી નથી તેથી અંદરમાં ભર્યા ભગવાનને તું ભાળતો નથી અને જેમાં પુણ્ય-પાપ કે જેમાં સુખની ગંધ પણ નથી ત્યાં મૂઢ મિથ્યાદૃષ્ટિપણે સુખ માને છે તે માન્યતા સંસારનું કારણ હોવાથી તે માન્યતા નાશ કરવા લાયક છે. સંસાર એટલે આત્મામાં સુખ-આનંદ છે તેમાંથી ખસીને મિથ્યાત્વ-ભાવ કર્યા તેનું નામ ભગવાન સંસાર કહે છે. અનંત સર્વજ્ઞો વીતરાગ પરમેશ્વર થઈ ગયા ને વર્તમાન મહાવિરદેહમાં બિરાજે છે, તે ભગવાનના મુખેથી આવે છે કે ભાઈ! તારા આનંદ-સુખને ભૂલીને બહારમાં કયાં રખડે છે? બાયડી-છોકરા તારો સંસાર નથી, તારો સંસાર તારા સ્વભાવને ભૂલીને પુણ્ય-પાપના ભાવમાં ભ્રમણા કરવી તે તારો સંસાર છે. પરમાં ઠીક-અઠીકનો મિથ્યાત્વભાવ ને રાગ-દ્વેષનો ભાવ તેને ભગવાન સંસાર કહે છે. આ તો વીતરાગ પરમેશ્વરનો માર્ગ છે કે જેને ઇન્દ્રો-ગણધરો કબૂલે છે. આ કાંઈ હાલી-દુઆલીનો માર્ગ નથી. શુદ્ધ સ્વરૂપ અનાકુળ આનંદ સ્વરૂપ ભગવાન આત્મામાં અંતર એકાકાર થઈને આનંદનો અનુભવ કરવો તેનું નામ ભગવાન સમ્યગ્દર્શન-ધર્મ કહે છે. તે ધર્મ પ્રગટયા વિના મિથ્યાત્વ-સંસારનો નાશ થતો નથી. આત્માના ભાન વિના કાંઈક પુણ્ય કર્યા હોય ને સ્વર્ગનો દેવ થાય તે મરીને એકેન્દ્રિયમાં જાય. આત્મજ્ઞાન વિનાના, ભાન વિનાના, પુણ્ય કરીને સ્વર્ગમાં ગયા તેની વાત છે. છ મહિના અગાઉ, આ પુણ્યની પૂર્ણાહુતી પહેલાં, માળા કરમાતી જોઈને અવધિજ્ઞાનથી જોવે છે કે મનુષ્ય કે ઢોર થઈશ. હાય! હાય! નવમહિના માતાના ગર્ભમાં! આ સ્વર્ગની સાહ્યબી મૂકીને ઊંધે માથે લટકવું પડશે! આ કરતાં તો એકેન્દ્રિયમાં સારું અને પછી ફૂલ-પૃથ્વીકાય આદિમાં ઊપજે છે. અહીં ચક્રવર્તીનું રાજ્ય હોય ને સોળહજાર દેવ સેવા કરતા હોય. ખમ્મા-ખમ્મા અન્નદાતા-થતું હોય એવા બ્રહ્મદત્ત ચક્રવર્તી બીજી ક્ષણે મરીને સાતમી નરકે જાય! આ સંસારનું સ્વરૂપ આવું છે. આ પડદો પડે ને બીજો આવે. બીજો પડે ને ત્રીજો આવે. ત્યાં કયાંય ધૂળમાંય સુખ નથી.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે બધા સંસારી કાંઈ દુઃખી હોતા નથી, ઘણાય એવા જોવામાં આવે છે કે જેને જિંદગી આખીમાં આપદા આવતી નથી.

ઉત્તરઃ—જેમ કોઈને તાવ આવ્યો હોય ને તે ઘી ખાઈને પોતાને સુખી કે ઠીક માને તોપણ તે થોડીવારમાં મરણને પ્રાપ્ત થાય છે. તેમ મુશ્કેલીથી પૈસા આદિ ઉત્પન્ન કરે, પણ પાછું તેને રાખવું કઠણ, મેળવવું કઠણ ને સાચવવું પણ કઠણ

છતાં પોતાને સુખી માને છે. પણ આનો ખટકો લાગતો નથી. કેમ કે તેણે આત્મા આનંદ સ્વરૂપ છે તેનું કોઈ દિ' લક્ષ કર્યું નથી. તો કોની સાથે દુઃખને મેળવે? જેમ એક અનાજ–બાજરો હાથમાં હોય તો બીજા બાજરા સાથે મેળવે કે દાણો નાનો કે મોટો છે, પણ બીજો બાજરો નજરે જ ન પડયો હોય તો કોની સાથે મેળવે? પૈસા આદિ મુશ્કેલથી, કદાચિત્ પૂર્વના પુણ્ય હોય તો, પેદા કર્યા ને પાછી રક્ષા કરવી મુશ્કેલ, પુણ્ય હોય તો રહે, નહીંતર ચાલ્યા જાય. સંસારના સુખ તો સંધ્યાની રાતડ છે, ઘડીમાં કાળુધબ! ઘડીકમાં નષ્ટ થઈ જાય છે, આમાં ત્રણ વાત છે (૧) ધન આદિ મુશ્કેલીથી પ્રાપ્ત થાય (૨) રાખવા ખૂબ કઠણ છે છતાં નષ્ટ થઈ જાય છે (૩) અને પુણ્યનો ઉદય ચાલી જતાં બધું ફૂ થઈ જાય છે!

અહા! અજ્ઞાનીને આત્મામાં આનંદ છે તેની શ્રદ્ધાની ખબર ન મળે. આત્માની શાંતિનો સ્વભાવ તો આત્મામાં છે પણ તેની શ્રદ્ધા ને તેનો વિશ્વાસ નથી અને બહારની ચીજોનો વિશ્વાસ છે. બાહરમાં સુખના સાધન માને છે. પણ તું પોતે સુખી છે કે નહીં? તો કહે ના, હું સુખી નથી. તો તેને કહે છે મૂઢ! સુખ તો તારામાં છે પણ તને ખબર નથી. આત્માનો આનંદ સ્વભાવ અંતરમાં છે પણ બહારની ચીજોમાં–દુઃખના નિમિતોમાં કલ્પનાથી સુખ માને છે ને ભ્રમણા ઊભી કરી છે તથા તે ભ્રમણા જ ભવનું કારણ છે. જ્યારે આત્માના સમ્યક્ જ્ઞાન ને શ્રદ્ધા કરીને તેમાં ઠરવું તે જ સાચું સુખનું કારણ છે.

[ ક્રમશઃ ]

[ હે જીવ! કેવળ જ્ઞાનસ્વભાવી....પાનું ૭ થી ચાલુ ]

શ્રુતકેવળી અને ભગવાન કહે છે કે નિશ્ચયથી દેવાલયમાં પરમાત્મા નથી પણ શરીરરૂપી તારા દેહદેવળમાં પરમાત્મા–તારો આત્મા બિરાજમાન છે–તેમ જાણ ને! તેની પૂજા કર, તે દેવની પૂજા છે. મંદિરમાં તો ભગવાનની સ્થાપના છે પણ ત્યાં ખરા ભગવાન નથી કેમ કે ખરા ભગવાન તો સમવસરણમાં છે અને ત્યાં જઈશ તોપણ તને ભગવાનનું શરીર જ દેખાશે. ભગવાનનો આત્મા નહિ દેખાય. ભગવાનનો આત્મા કયારે દેખાશે? કે જ્યારે તું તારા આત્માને દેખીશ ત્યારે. રાગની આંખ બંધ કરી પરને જોવાનું બંધ કરીશ ને સ્વને જાણીશ-દેખીશ ત્યારે તારો આત્મા જણાશે અને ત્યારે ખરેખર ભગવાન તને જણાશે–કે પરમાત્મા આવા હોય. ભગવાનની ભક્તિ કરે છે ને! તે પણ પોતાના આત્માને જેણે જાણ્યો છે તે ભક્તિ કરે છે, તેની ભક્તિ જ વ્યવહારથી સાચી છે. (ક્રમશઃ)

# 卐 સમ્યગ્દૃષ્ટિની સ્તુતિ 卐

[ શ્રી સમયસાર નાટક ( ઉત્થાનિકા શ્લોક ૮ થી ૧૨ ) ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

અહીં સમ્યક્દૃષ્ટિનું સ્વરૂપ અને તેની સ્થિતિ વર્ણવે છે. બે ચીજ હોય તો જ ભૂલ થાય છે. કારણ કે પોતાનું જેવું સ્વરૂપ છે, તેવું માનવામાં ન આવતાં બીજાને પોતાનું માને છે. આમ દ્વૈત હોય ત્યાં ભૂલ હોય છે. તેમાંથી ભિન્ન પડે તો ભૂલ ટળી જાય છે. આહા ! ગણધર જેવી જેને ભેદજ્ઞાનની શક્તિ પ્રગટી છે એટલે કે જેના જ્ઞાનમાં રાગ ને ચૈતન્ય, વિભાવ અને સ્વભાવનું પ્રગટ ભેદજ્ઞાન થયું અર્થાત્ જુદાપણે પ્રગટ થયું છે, તેને ભલે પછી તે નારકી તિર્યંચ દેવ કે મનુષ્ય હોય તોપણ એની અને ગણધરની શ્રદ્ધામાં સ્વ-પરનો વિવેક એક સરખો જ છે. એક વિકલ્પમાત્રને ગણધર પર જાણે છે; અને સમકિતી પણ વિકલ્પથી ભિન્ન સ્વરૂપને જાણતાં વિકલ્પને તે પણ પર જાણે છે.

આવી વસ્તુની સ્થિતિ છે. રાગ શરીર અને કર્મથી ચૈતન્યસ્વરૂપ તદ્દન જુદું છે. તેવું ભાન હોવાથી જ્ઞાનીને હૃદયમાં આનંદ વેદાય છે. આનંદ સ્વરૂપ આત્માના અનુભવથી આનંદ થાય છે. જ્યારે દુનિયાના આનંદ તો પાપભાવ છે. અહા ! ભલે સમકિતી ગૃહસ્થાશ્રમમાં હોય, તોપણ તેને ભ્રમણાનો નાશ થઈ ગયો છે અને તે ભ્રમણા–મિથ્યાત્વનો નાશ કરવાનો ઉપાય પણ આત્માને રાગથી ભિન્ન પાડીને આત્માનો અનુભવ કરવો તે જ છે. ગમે તેવો શુભરાગ હોય તોપણ વિકલ્પમાં આકુળતા છે ને આત્મામાં અણાકુળતા છે, એવો જ્ઞાનીને એનો વિવેક ભાસ્યો છે. તેથી તેને રાગની એકતા તૂટીને અંદર આનંદના ઝરણાં ફૂટ્યા છે. આનું નામ ભેદજ્ઞાન છે.

ધર્મીજીવ કે જેના જન્મ–મરણના નાશનો આરો આવ્યો છે તેવો ભવ્ય સમકિતી જીવ સ્વાધીન આત્માના સુખને જ આનંદ માને છે. પણ પુણ્યના–પાપના રાગમાં કે સ્ત્રી કુટુંબાદિકના પ્રેમમાં કે રાજપાટ કે ઇન્દ્રાસનમાં તે ધર્મીજીવ સુખ માનતો નથી. પોતાના જ્ઞાનાદિ ગુણોની અદ્ભુત મહિમા આગળ કોઈની મહિમા જ્ઞાનીને હોતી નથી. અરે ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવની પણ જ્ઞાનીને મહિમા નથી. આઠ વર્ષનો બાળક કે જેને સમકિત હોય છે તેને પણ આવી અવિચળ શ્રદ્ધા હોય છે.

ધર્મીજીવ જાણવાના ભાવને, શ્રદ્ધવાનાભાવને ને ઠરવાના ભાવને પોતાના ભાવ ગણે છે; પણ રાગાદિને પોતાનો ભાવ ગણતો નથી. આત્માનો પોતાનો સ્વભાવ અનંત આનંદ શાંતિ આદિ છે—તેમ ભાન થતાં જ્ઞાની પોતાના સ્વભાવને ધારે છે, પરંતુ

વ્યવહારના વિકલ્પ–દયા–દાનને પોતાનો ધારતો નથી. ભલે પછી તે ગૃહસ્થાશ્રમમાં હોય કે મુનિ હોય.

શ્રીમદ્‌માં આવે છે ને કે—

"સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ;
પરદ્રવ્યના ધારક ત્વરાથી તજો."

આમ સમકિતી નિર્મળ પર્યાય પ્રગટ કરી પોતે પોતામાં રાખે છે. આહાહા! જેવી રીતે કાદવ અને જળને કતકફળ=નિર્મળી ઔષધી દ્વારા છૂટાં પાડતાં કાદવ નીચે બેસી જાય છે ને પાણી નિર્મળ બને છે. તેમ તે રીતે આત્મા ભેદજ્ઞાન દ્વારા–પ્રજ્ઞાછીણી દ્વારા બહિર્મુખ લાગણીઓને અને અંતરર્મુખ સ્વભાવને ભિન્ન જાણી ભિન્ન કરી શુદ્ધતા અનુભવે છે. જ્ઞાયકમૂર્તિ જ્ઞાયકસ્વભાવનું દળ તે ભગવાન આત્મા અને રાગાદિ અજીવ આમ તે બન્નેને જ્ઞાની પૃથક્ કરે છે પણ કર્મ પૃથક્ કરે છે કે કર્મને લઈને પૃથક્ થાય છે તેમ નથી. આહાહા! આ જ ક્રિયા છે.

સમકિતી લડાઈ આદિમાં ઊભો હોય તોપણ પોતાની આત્માની શક્તિને જ સાધે છે ને આમ જ્ઞાનનો–આત્માનો પ્રકાશ કરે છે. પોતાની જ્ઞાનદશાનું જ આરાધન કરે છે. વેપાર આદિમાં ધર્મી દેખાય પણ તેની સાથે કોઈ સંબંધ છે નહીં. આવા સમકિતી ભવસાગર—ચોરાશીના અવતાર તરી જાય છે ને અલ્પકાળમાં તેને કેવળજ્ઞાન થઈને મોક્ષ થશે જ. બાકી આત્માના ભાન વિના, વસ્તુનું સ્વરૂપ શું છે તેની દૃષ્ટિ ને અનુભવ વિના એકભવ પણ ઘટે નહીં. માટે આત્મ–અનુભવ એ એક જ મોક્ષનો ઉપાય છે. ૮.

હવે નવમા શ્લોક દ્વારા મિથ્યાદૃષ્ટિનું સ્વરૂપ કહે છે :—

અજ્ઞાની ધર્મ અર્થાત્ વસ્તુના સ્વભાવને જાણતો નથી. જ્ઞાયક ભગવાન આત્મા કે જે ચૈતન્યનું દળ છે, ધર્મી છે અને તેનો ધર્મ, જ્ઞાન, આનંદ ને શાંતિ છે, તેનાથી તો અજ્ઞાની અજાણ છે. અજ્ઞાનીની દલીલ હોય છે કે અંધારે પણ ગોળ તો ગળ્યો જ લાગે છે, તો તેને જાણવાનું શું કામ છે? પણ અંધારે ગોળને બદલે ઝેર આવશે તો મરી જઈશ. તેમ આત્માના સ્વભાવના અજાણ્યા કાંઈકનું કાંઈક માની બેસે છે ને તેથી તે જે કાંઈ પણ વાણી બોલે છે તે ઊંધી શ્રદ્ધા ને ઊંધા અભિપ્રાય સહિતની જ હોય છે. અહા! અજ્ઞાની કષાયથી રંગાઈ ગયેલ હોય છે અને તેથી એકાન્તનો પક્ષ લઈને તે ઠેક-ઠેકાણે લડાઈ કરે છે. અધર્મી–અજ્ઞાનીના લક્ષણો એવાં હોય છે કે મિથ્યા અભિમાનમાં તેનો પગ ક્યાંય ધરતી પર ઠરતો નથી ને અભિમાનમાં તે ડોલે છે. આ કરું, આમ કરું–એમ આકુળ–વ્યાકુળ થતો તે અંદર ચિત્તમાં ઉપદ્રવના તોફાનના ભાવ વિચારે છે. કર્મના ઉદયમાં જોડાવાથી ડામાડોળ થઈને ચારે તરફ ફરે છે અર્થાત્ કષાયના જોરમાં વંટોળીયાના તરણા માફક ફર્યાફર ફર્યાફર કરે છે; પણ ક્યાંય સ્થિરતા મળતી

નથી. તેનું હૃદય ક્રોધથી તૃપ્ત રહે છે. લોભથી મલિન રહે છે, માયાથી કુટિલ હોય છે, અને માનથી તે કુવચન બોલે છે. આવો આત્મઘાતી પરનો ઘાત કરે કે ન કરે પણ પોતાના જ્ઞાન આનંદ સ્વભાવનો ક્ષણે ક્ષણે ઘાત કહે છે. એવાં આત્મઘાતી મહાપાપી મિથ્યાદૃષ્ટિ હોય છે. ૯.

આમ મિથ્યાત્વનું જ્ઞાન કરાવીને હવે દસમાં શ્લોકમાં સિદ્ધ ભગવાનને સંભારે છે.

મોક્ષ અર્થાત્ સિદ્ધ ભગવાનની આકૃતિને હું વંદન કરું છું. સિદ્ધભગવાન પોતાના અસંખ્ય પ્રદેશની આકૃતિમાં હોય છે. કેમ કે તેઓ આત્મા છે ને તેથી તેમને આકાર હોય છે. તે અસંખ્ય પ્રદેશી નિર્મળ શુદ્ધ આનંદઘનનો તેઓને અવગાહન હોય છે. તેમને તથા મોક્ષમાર્ગને હું વંદન કરું છું એટલે કે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રને પણ હું વંદન કરું છું કે જેમના પ્રસાદથી ચાલુ ભાષામાં નાટક સમયસાર નામનો ગ્રંથ રચીશ. ૧૦.

હવે કવિ પોતાનું વર્ણન કરે છે કે હું રચનાર આવો છું.

મારું સ્વરૂપ સદાય ચૈતન્યસ્વરૂપ ઉપમારહિત અને નિરાકાર સિદ્ધ સમાન છે. આ નિશ્ચયથી વર્ણન છે. પરંતુ મોહના મહા અંધકારનો સંગ કરવાથી હું આંધળો થયો છું. મારા સ્વરૂપની મને ખબર નથી અર્થાત્ પર્યાયમાં રાગનો ઘેરો વળ્યો છે. અહા! પહેલાં દ્રવ્યદૃષ્ટિથી વાત કરી હતી ને પછી પર્યાય-વ્યવહારથી વાત કરી છે. અનાદિથી મેં જ પરસંગ-કર્મનો રાગના ઉદયનો સંગ કર્યો છે. પણ કર્મે કાંઈ કરાવ્યું નથી. અહા! સિદ્ધ સમાન મારું પદ છે, છતાં પર્યાયમાં મારી અવસ્થામાં મોહના મહા અંધકારને કારણે મેં પરનો સંગ કર્યો છે, એટલે કે નિશ્ચયથી ભગવાન સિદ્ધ સમાન હોવા છતાં, પર્યાયમાં રાગના અંધકારનો ઘેરો વળ્યો છે.

પરંતુ હવે હું ચૈતન્યજ્યોત છું તેવું ભાન થયું છે. પુણ્યને અને શરીરને જે મારા માન્યા હતા તે ભ્રમણા ટળી ગઈ છે ને જ્ઞાનજ્યોતિ હું છું તેવું ભાન થયું છે. અહા! ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા સ્વરૂપ મારી જેવી ચીજ હતી તેવી હવે અજ્ઞાન ટળીને જ્ઞાનદશા પર્યાયમાં પ્રગટી છે. હવે હું પ્રગટ સમયસાર નાટકને કહીશ! જ્ઞાનકળા, સમ્યક્-કળા, શાંતિની કળા, કે જેના દ્વારા મોક્ષના માર્ગની સિદ્ધિ થાય છે, તે દ્વારા હું આત્માના સ્વભાવનું વર્ણન કરીશ કે જેથી સંસારનો નિવાસ અર્થાત્ જન્મ-મરણ છૂટી જાય. જેમાં ભવ નથી, ભવનો ભાવ નથી તેવા ભાવનું ભાન થયું ત્યાં હવે ભવ કેવા? તેમ કહે છે. ૧૧.

હવે કવિ પોતાની લઘુતાનું વર્ણન કરે છે.

જેવી રીતે કોઈ મૂર્ખ મનુષ્ય નાવને છોડીને પોતાના બાહુબળથી પોતાની ભુજાથી

મોટા સમુદ્રને તરવાનો પ્રયત્ન કરે. વળી કોઈ ઠીંગણો માણસ પહાડ ઉપરના ઝાડના ફળને તોડવા પ્રયત્ન કરે-જોરથી કુંદકો મારે. વળી જેમ કોઈ બાળક પાણીના કુંડમાં જોઈને પાણીમાં પડેલા ચંદ્રના બિંબને હાથથી પકડવા માટે પ્રયત્ન કરે. તેમ હું બાળકની જેવો મંદબુદ્ધિવાળો આ અલૌકિક શાસ્ત્રને કરવા માંગું છું અહા! આમ કહીને પોતાની નિર્માનતા પ્રગટ કરે છે. કવિની કેટલી નિર્માનતા છે! એટલે કાર્ય મોટું ને બુદ્ધિ થોડી છે તેમ કહે છે. અહા! "સમયસાર" કે જેને કુંદકુંદાચાર્ય અમૃતચંદ્રાચાર્ય જેવા મોટા આભના થોભ જેવા ધર્મના ધુરંધરોએ રચ્યું છે, તેને હવે હું પદમાં રચવા માંગું છું; વિદ્વાનો મશ્કરી કરશે ને મને પાગલ કહેશે તોપણ હું તો ભક્તિથી સમયસાર નાટક રચવા માંગું છું. ૧૨. (ક્રમશઃ)

## વૈરાગ્ય સમાચાર—

* વિજયાબેન રતિલાલ શેઠ, મુંબઈ તા. ૭-૭-૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ખૈરાગઢનિવાસી ઝણકારીબેન ખેમરાજજી (વર્ષ ૭૦ લગભગ) તા. ૨-૧૦-૮૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી નવલબેન હીરાચંદ લાખાણી (વર્ષ ૮૦) તા. ૩-૧૦-૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* કાનાતળાવનિવાસી પરશોતમભાઈ દેવજીભાઈ વાલાભાઈ (વર્ષ ૨૨) તા. ૭-૧૦-૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ગઢડાનિવાસી શ્રી ઓધવજીભાઈ હરજીવનદાસ (મકનજી બાપા) (વર્ષ ૧૦૦) તા. ૧૩-૧૦-૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના ઘણા જ જૂના અનુયાયી હતા ને વર્ષો સુધી સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃતવાણીનો લાભ લીધો હતો. પ્રવચનમાં હંમેશા જીકારો આપતા હતા. તેમની જન્મ શતાબ્દિ છ માસ પહેલાં ગઢડા મુમુક્ષુ મંડળે ઊજવેલ હતી.

* સુરતનિવાસી પરિમલકુમાર ચંદુલાલ કતારગામવાળા (વર્ષ ૨૨) અકસ્માતથી તા. ૧૩-૧૦-૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સદ્‌ગત્ આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો. અવાર-નવાર અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃતવાણીનો લાભ લેતા હતા. સદ્‌ગત આત્માઓ વીતરાગ ધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. * * *

# * વૈરાગ્ય અને પુરુષાર્થ પ્રેરક પુરાણ પ્રસંગ *

## * ધન્યકુમાર *

( ૨૫૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા ધન્યકુમારની કથા )

અહો! દેવતા લોક પણ શિવસુખની પ્રાપ્તિ માટે જે ઉજ્જયિની નગરીમાં જન્મ લેવા ઇચ્છતા હતા એ ઉજ્જયિની નગરીના ગુણોનું શું વર્ણન કરવું ? તે ઉજ્જયિનીમાં પ્રતાપી ધર્મબુદ્ધિ અને ધર્માત્માઓમાં પ્રેમ કરવાવાળા અવનિપાલ નામના રાજા હતા. તે રાજ્યમાં સરલ સ્વભાવી ધનપાલ નામના એક વણિક રહેતા હતા, તેમને અનેક શુભ લક્ષણોવાળી પ્રભાવતિ નામની પત્નિ હતી. તે પતિ-પત્નિને પરસ્પર પ્રેમ કરવાવાળા સાત પુત્રો હતા.

ત્યાર પછી પ્રભાવતિએ આઠમાં પુણ્યશાળી પુત્રરત્નનો જન્મ આપ્યો. પુત્રજન્મ થતાં તેની નાળ જમીનમાં દાટવા જતા જમીનમાંથી રત્નોનો ખજાનો મળી આવ્યો. આ રત્નોનો ખજાનો મળતા પિતા ધનપાલ આદિ આ આશ્ચર્યને દેખી રાજા અવનિપાલ પાસે ગયા અને કહ્યું હે નાથ! મારે ત્યાં ઉત્તમ પુત્રનો જન્મ થયો છે અને તેની નાળ દાટવા જતાં મોટો ખજાનો મળ્યો છે. આ સાંભળી મહારાજા બોલ્યા કે હે શ્રેષ્ઠીન્! જે પુત્રના પુણ્યથી ધન નીકળ્યું છે તે જ તેનો માલિક છે, મને પ્રજાના કોઈનાં ધનની અભિલાષા નથી.

મહારાજાની આ પ્રકારની નિસ્પૃહતા દેખી ધનપાલને ઘણો સંતોષ થયો. ઘેર જઈને બાળકના જન્મની ખુશાલીમાં જિનમંદિરમાં જઈને કલ્યાણના કારણભૂત ને વિઘ્નોનો નાશ કરનારી જિનભગવાનની મહાપૂજા કરી, કુટુમ્બીજનોને તેમજ યાચકોને અનેક પ્રકારના દાન આપી સંતુષ્ટ કર્યાં. પુણ્યશાળી પુત્રના જન્મથી કુટુમ્બીજનો ધન્ય ને કૃતાર્થ થયાના વિચારથી પુત્રનું સાર્થકનામ પણ ધન્યકુમાર રાખ્યું. માતા પિતા આદિના મનને આનંદિત કરતો પુત્ર દેવકુમારોની જેમ ક્રમેક્રમે મોટો થતો ગયો.

કુમાર અવસ્થા પ્રાપ્ત થતાં દેવ ગુરુ અને સાધુઓની પરિચર્યા કરીને વિદ્યા કળા આદિ અભ્યાસ માટે ઉપાધ્યાયની પાસે રાખતા કુમારે થોડા જ વખતમાં વિદ્યા આદિ પ્રાપ્ત કરી લીધા. કુમાર અવસ્થામાં પણ પ્રમાદી ન રહેતા નિરંતર દેવ-ગુરુ-ધર્મ માટે પ્રચુર ધન વાપરતો તેમજ દીન-અનાથ આદિને દાન આપતો હતો.

આ પ્રકારે નિરંતર ઉદારતાથી ધન વાપરતો હોવાથી તેમના મોટા ભાઈઓથી સહન નહિ થવાથી એક દિવસ માતાને કહ્યું કે અમે સૌ મહેનત કરીને ધન કમાઈએ છીએ અને તેનો ઉપભોગ તો એકલો ધન્યકુમાર કરે છે ને કાંઈ વ્યાપાર તો કરતો નથી. પ્રભાવતિએ પોતાના પતિ ધનપાલને કહ્યું કે ધન્યકુમાર હવે યોગ્ય વયનો થઈ

ગયો છે ને તમો વ્યાપારમાં જોડતા નથી તેથી તેના મોટા ભાઈઓ પણ દ્વેષ કરે છે.

પોતાની પત્નિના કહેવા અનુસાર શેઠ ધનપાલ શુભ મુહૂર્ત્તમાં પુત્ર ધન્યકુમારને બજારમાં લઈ ગયા અને કહ્યું વ્હાલા પુત્ર! આ એકસો દીનાર રાખો અને બજારમાં કોઈ સારી વસ્તુ વેચાવા આવે તે ખરીદી લેવી અને તે ખરીદેલ વસ્તુથી બીજી કોઈ સારી વસ્તુ વેચાવા આવે તો તે ખરીદવી આ પ્રમાણે ભોજન સમય થતાં સુધી ખરીદવી અને ભોજન સમયે તે વસ્તુ નોકરો પાસે લેવરાવીને ઘેર આવી જવું. આ રીતે પિતાએ શિખામણ આપીને એક સો દીનાર વેપાર માટે આપી.

સરળ હૃદયી ધન્યકુમાર બજારમાં ઊભો છે ત્યાં લાકડાની ગાડી વેચાવા આવી તે ધન્યકુમારે સો દીનાર આપીને ખરીદી લીધી અને તે પછી લાકડાની ગાડી વેચીને એક ઘેટું ખરીદ્યું તે પછી એ ઘેટાને વેચીને બીજાની પાસેથી એક ચારપાઈ–ખાટલો ખરીદ કર્યો. ભોજન સમય થઈ જવાથી ખાટલો માણસો પાસે ઉપડાવીને ધન્યકુમાર ઘેર આવ્યો તેને જોઈને માતા બહુ જ આનંદિત થઈને કહેવા લાગી કે આજ પહેલા દિવસે મારો પુત્ર વ્યાપાર કરીને આવ્યો છે, તેથી ઉત્સવ કરવો જોઈએ.

લાકડાનો ખાટલો જોઈને મોટા સાત ભાઈઓ કહેવા લાગ્યા કે અહા કેવી આશ્ચર્યની વાત છે કે આજે જ પિતાએ ધન આપ્યું હતું તે ખોઈને ધન્યકુમાર ઘેર આવ્યો છે છતાં અમારી માતા ઉત્સવ કરી રહી છે અને અમે તો રોજ બહુ ધન કમાઈને લાવીએ છીએ છતાં અમારી સામે ઉદાસીન રહીને દેખતી પણ નથી. અરે! એમાં એમનો શું દોષ છે, અમારા પૂર્વોપાર્જિત કર્મનો દોષ છે.

માતા પ્રભાવતિએ સાત પુત્રોનું આ વચન હૃદયમાં રાખી લીધું અને બધા પુત્રોથી પહેલા ધન્યકુમારને ભોજન કરાવી પોતે પણ ભોજન કરી લીધું અને એક મોટા વાસણમાં પણી ભરીને પોતાના જ હાથથી હોશથી ખાટલાના પાયા ધોવા લાગી. આ રીતે ધોતા ધોતા ખાટલાના પાયા છૂટા પડી ગયા અને કુમારના પ્રચુર પુણ્યોદયથી પાયામાંથી રત્ન પડવા લાગ્યા અને સાથે એક વ્યવસ્થા પત્ર પણ નીકળ્યો, એ પત્રમાં લખેલ કે:—

આ નગરીમાં પુણ્યશાળી મહાધની વસુમિત્ર નામે રાજશ્રેષ્ઠી થઈ ગયા તેના પ્રચુર પુણ્યોદયથી તેને ત્યાં સમસ્ત ભોગોપભોગ સંપદાની દેવાવાળી નવનિધિ પેદા થઈ હતી. એક દિન વસુમિત્રે ઉપવનમાં આવેલા અવધિજ્ઞાની મુનિરાજને જઈને પૂછ્યું કે પ્રભો! એવો કોણ પુણ્યવાન નરરત્ન ઉત્પન થશે કે જે આ નવનિધિનો સ્વામી થશે? મુનિરાજે અવધિજ્ઞાનથી જોઈને કહ્યું કે મહારાજ અવનિપાલની ઉત્તમ રાજધાનીમાં ધનપાલ શેઠને ત્યાં ધન્યકુમાર નામે પુત્ર ઉત્પન થશે તે પૂર્વોપાર્જિત પુણ્યોદયથી આ નવનિધિનો સ્વામી થશે અને તેના દ્વારા લોકોને બહુજ સુખ સંપતિની પ્રાપ્તિ થશે.

આ પ્રમાણે અવધિજ્ઞાની મુનિરાજનું વચન સાંભળી શેઠ વસુમિત્ર ઘેર જઈને એક વ્યવસ્થા પત્ર લખી સાથે ઉત્તમ રત્નો ખાટલાના પાયામાં રાખીને ખાટલાના પાયા બંધ કરી દીધા. અમુક સમય પછી શેઠ વસુમિત્ર સમાધિ મરણ કરી સ્વર્ગમાં ગયા. પાછળના કુટુમ્બીજનો પણ ક્રમે મરણ પામ્યા, તેમાં જે સૌથી છેલ્લો માણસ મૃત્યુ પામ્યો હતો તેને બાળવા માટે ખાટલા સહીત સ્મશાનમાં લઈ ગયા અને તે ખાટલો ચંડાળને હાથ આવ્યો હતો. તે પુણ્યોદયથી ધન્યકુમારે ચંડાલ પાસેથી ખરીદી લીધો. અહો ! પુણ્યોદયથી અત્યંત દુર્લભ વસ્તુ પણ વિના પરિશ્રમે સ્વયં ચરણમાં આવી પડે છે.

ધન્યકુમાર ખાટલામાંથી નીકળેલ વ્યવસ્થા પત્ર વાંચી ઘણો ખુશી થયો અને તે પત્ર લઈને રાજા પાસે ગયો. રાજાએ વ્યવસ્થા પત્રમાં લખ્યા અનુસાર સમસ્ત નિધિઓ ધન્યકુમારને સુપ્રત કરી દીધી. ઉત્કૃષ્ટ નિધિઓને પોતાના અધિકારમાં લઈને સૌથી પ્રથમ દેવ-ગુરુ-શાસ્ત્રની મહાપૂજામાં પુષ્કળ ધનને વાપર્યું અને સત્પાત્રોને ભક્તિથી દાન આપ્યું તેમ જ દીન–દુઃખીઓને ઇચ્છિત દાન આપ્યું.

આ પ્રકારના મહાપુણ્યોદયથી કુટુમ્બી લોકો તેમ જ અન્ય લોકોને ધન્યકુમાર બહુ જ પ્રિય થવા લાગ્યો. અને ગામના અન્ય શ્રેષ્ઠિઓ પોતાની સુંદર કન્યાઓના કહેણ મૂકવા લાગ્યા. પરંતુ આ પ્રકારનો અભ્યુદય તેના મોટા ભાઈઓથી સહન થયો નહિ તેથી તેઓ ઈર્ષા કરવા લાગ્યા અને તેને મારી નાખવા ષડ્યંત્ર રચવા લાગ્યા. પરંતુ બિચારો સરળ હૃદયી ધન્યકુમાર તે વાત જાણતો નહિ. મોટા ભાઈઓ ધન્યકુમારને મારવાના દુષ્ટ વિચારથી એક દિવસ ઉપવનની વાપિકામાં જળ ક્રીડા માટે ગયા અને વાપિકાને કાંઠે બેઠેલા ધન્યકુમારને મોટા ભાઈઓએ પાછળથી ધક્કો મારી વાપિકામાં નાખ્યો અને ઉપરથી પથ્થરોનો માર મારવા લાગ્યા. આવા સમયે ધન્યકુમારે નવકાર મંત્રનું સ્મરણ કરતા જળદેવે ધર્માત્માની સહાયે આવીને જળ નીકાસની નાળી દ્વારા બહાર કાઢયો. બહાર નીકળી ધન્યકુમારે પોતાના મોટાભાઈઓની દુષ્ટતા ઉપર વિચાર કર્યો કે હવે ઘેર જઈ દુષ્ટ ભાઈઓની સાથે રહેવું યોગ્ય નથી, તેમ વિચારી બીજા દેશમાં જવા ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં એક ખેતરમાં ખેડૂતને હળ હાંકતો જોઈ તેને આશ્ચર્ય થયું કે આ કઈ જાતની વિદ્યા છે? મેં કદી આવી વિદ્યા તો જોઈ નથી. એ જોતા જોતા ત્યાં જ બેસી ગયો. ખેડૂતે કુમારના રૂપાદિ જોઈ કોઈ મહા પુરુષ છે તેમ લાગતા કુમારને વિનતિ કરી કે મારી પાસે શુદ્ધ દહીં અને ભાત છે તેનો આપ કૃપા કરી સ્વીકાર કરો, કુમારે કહ્યું ભલે હું લઈશ. આથી ખેડૂતે બહુ ખુશી થઈને દહીંભાત મૂકવા માટે પાત્ર (પાંદડા) લેવા ગયો. ત્યાં તો ધન્યકુમારે કૌતૂહલથી હળને ચલાવ્યું અને હળની અણી એક મોટા સોનામહોરનાં વાસણ સાથે ભટકાઈ. આ જોઈ ધન્યકુમારને થયું કે અરે! આવા મારા અપૂર્વ વિજ્ઞાનાભ્યાસથી બસ થાવ! જો આ પ્રચુર ધનને ખેડૂત જોશે તો ભાઈઓની માફક

દુષ્ટ વર્તાવ કરશે, એવા ડરથી તે ધનના ખજાના ઉપર ધૂળ નાખી, હતુ તેમ કરીને બેસી ગયો. એટલામાં ખેડૂત પત્ર લાવી શુદ્ધ જળથી સાફ કરી દહીં-ભાતનું ધન્યકુમારને ભોજન કરાવી ઘણો ખુશી થયો. કુમાર ભોજન કરીને રાજગૃહ નગરને રસ્તો પૂછીને ચાલતો થયો.

આ બાજુ ખેડૂત બળદને જોડીને હળ ચલાવવા માંડયો ત્યાં તો પેલો ધનનો ખજાનો ભરેલું વાસણ નજરે પડયું. તે જોઈને ખેડૂત આશ્ચર્યમાં પડી ગયો કે અહો! એ ધન ભાગ્યશાળી કુમારના પુણ્યોદયથી નીકળ્યું છે એથી એનો સ્વામી કુમાર છે મારે સ્વીકારવા યોગ્ય નથી. અહા! જુઓ એક ગરીબ ખેડૂત છે, છતાં કેટલી નિર્લોભતા ને સજ્જનતા છે કે આટલો મોટો ધનનો ખજાનો પોતાના ખેતરમાંથી નિકળવા છતાં તેનો માલિક હું નહિ પણ જે ભાગ્યવાનથી નીકળ્યો તે તેનો માલિક છે તેમ માને છે. આવા વિચારથી ખેડૂત ધન્યકુમારની પાછળ બૂમો પાડતો પાડતો દોડયો જાય છે. કુમાર ખેડૂતનો અવાજ સાંભળી ઊભો રહે છે અને ખેડૂત આવીને નમ્રતાથી કહે છે કે હે ભાગ્યશાળી! આપના પુણ્યોદયથી જે મોટો ખજાનો નીકળ્યો છે તેના સ્વામી આપ છો. ધન્યકુમાર કહે છે કે ભાઈ! હું તો કાંઈ મારી સાથે લાવેલ નથી. મેં તો તમારા દહીં-ભાત ખાધા છે. જે ધન તમારા ખેતરમાંથી નીકળ્યું તેના માલિક તમો જ છો, હું નથી. ત્યારે ખેડૂત કહે છે કે અમે અમારા બાપ દાદાથી આ ખેતર ખેડીએ છીએ પણ કદી ધનનો આવો ખજાનો મળેલ નથી માટે આજે જે ખજાનો નિકળ્યો છે તે આપના પુણ્યોદયથી જ છે માટે તેના સ્વામી આપ જ છો. ત્યારે કુમાર કહે છે કે ભલે, તેમ હો. પરંતુ એ ધનનો ખજાનો હું તમને ભેટ આપુ છું તમો સ્વીકાર કરો. આ સાંભળી ખેડૂત વિશેષ કાંઈ બોલી શકયો નહિ માત્ર એટલું કહ્યું કે આ દાસને યોગ્ય કાંઈ કામ સેવા હોય તો યાદ કરશો-તેમ કહી બન્ને જુદા પડે છે.

રાજગ્રહી જવા માટે આગળ ચાલતાં ચાલતાં પુણ્યોદયથી એક અવધિજ્ઞાની મુનિરાજને એકાન્ત સ્થાનમાં બેઠેલા જુએ છે. મુનિરાજના દર્શનથી કુમાર ઘણો આનંદિત થાય છે. મુનિરાજને વંદન કરી ધર્મનું સ્વરૂપ પૂછે છે. મુનિરાજ ધર્મનું સ્વરૂપ વિસ્તારથી કહે છે. તે સાંભળી કુમાર ઘણો સંતુષ્ટ થાય છે અને મુનિરાજને પૂછે છે કે પ્રભો! કયા પુણ્યોદયથી મને ધનના ખજાના મળે છે અને માતા ખૂબ જ પ્રેમ કરે છે અને કયા પાપોદયથી ભાઈઓ મારી ઉપર દ્વેષ કરે છે તે કૃપા કરીને કહો! મુનિરાજ ધન્યકુમાર ઉપર કરુણા કરીને પૂર્વ જન્મની કથા કહે છે કે હે કુમાર તું મનને સ્થિર કરીને તારા પૂર્વ ભવની કથા સાંભળ! કેમકે તે સાંભળી તને સંસારથી ભય ઉત્પન્ન થશે અને ધર્મમાં અભિરુચિ થશે, પાપોથી ડર લાગશે, દાન, શીલ, વ્રત, નિયમાદિમાં પ્રવર્તન થશે, તારી પૂર્વભવની કથા સાંભળતાં અન્ય જીવોને પણ ઉપકાર થશે.

મગધ દેશની અંતર્ગત ભોગાવતી નામની એક નગરી હતી તેના સ્વામીનું નામ

કામવૃષ્ટિ હતું અને તેની સ્ત્રીનું નામ મૃષ્ટદાના હતું. તેના ઘરમાં સુકૃતપુણ્ય નામનો એક નોકર હતો. મૃષ્ટદાના જ્યારે ગર્ભવતિ થઈ ત્યારે પાપોદયથી તેના પતિ કામવૃષ્ટિનું મૃત્યુ થયું. તે પછી ગર્ભ જેમ જેમ વૃદ્ધિ પામતો ગયો તેમ ગર્ભના પ્રચંડ પાપોદયથી કુટુમ્બના બધા જ માણસો મરતાં ગયા. જ્યારે પુત્રનો જન્મ થયો ત્યારે મૃષ્ટદાનાની માતા પણ મરી ગઈ અને પુણ્યકર્મ પણ નષ્ટ થઈ ગયા. એથી બુદ્ધિમાન પુરુષે અનિષ્ટ સંયોગનું પ્રધાન કારણ જે પાપ છે તે પ્રાણ જાય તોપણ કરવું જોઈએ નહિ. જુઓ! આ બાળકે પાપ સિવાય કદી પુણ્ય કર્મ કરેલ નહિ તેથી તેની દારુણ દુઃખ દશા થઈ. આ કારણથી તેની માતા મૃષ્ટદાનાએ અભાગી પુત્રનું નામ અકૃતપુણ્ય રાખ્યું. મૃષ્ટદાના પાસે કાંઈ જ ધન રહ્યું ન હતું તેથી પાપી પુત્રનું પેટ અનાજ પીસી પીસીને ઘણા દુઃખથી ભરતી હતી.

કામવૃષ્ટિ મરી ગયા પછી તેનો નોકર સુકૃતપુણ્ય ઘણા પુણ્યોદયથી ભોગાવતી નગરીનો માલિક બની ગયો. આટલું સાંભળી ધન્યકુમારે મુનિરાજને પ્રશ્ન કર્યો કે ભગવાન, પાપી અકૃતપુણ્યે પૂર્વ જન્મમાં કેવા કેવા પાપો કર્યા હતા કે જેથી તેની આવી દુઃખ દશા થઈ.

મુનિરાજ કુમારના પ્રશ્નનો જવાબ આપતાં કથા આગળ કહેવા લાગ્યા. આ જ દેશમાં ભૂતિલક નામે સુંદર નગર હતું. તેમાં મહાદાની મહાધની બુદ્ધિમાન શુભ કર્મ કરવાવાળો ધનપતિ નામે એક શેઠ રહેતો હતો. એક દિવસ ધનપતિ શેઠને વિચાર આવ્યો કે આ લક્ષ્મી પુણ્યોદયથી મળી છે તેનું સફળપણું માત્ર પાત્ર દાનથી જ છે. પરંતુ ઉત્તમ પાત્ર સાધુ તો કેવળ આહાર સિવાય કાંઈ લેતા નથી. તેથી મોટા મોટા જિનાલય બનાવવા જોઈએ કે જેથી અનેક જીવો જિનેન્દ્રનું પૂજન-ભક્તિ-દર્શન આદિ કરી પુણ્ય-ઉપાર્જન કરી શકે. વળી મુનિઓ પણ દર્શન કરવા આવે અને તેમની પાસેથી ધર્મોપદેશ આદિનો લાભ મળે, દૂર દૂરથી યાત્રિકો દર્શનાર્થે આવે. આમ મહા પુણ્ય ઉપાર્જનનું કારણ હોવાથી જિન મંદિર બંધાવી મોટી પંચકલ્યાણક પ્રતિષ્ઠા કરવાથી ધનની સફળતા થાય છે. એમ વિચારી મોટું જિનાલય બંધાવ્યું અને તેમાં સુંદર મણિરત્નોની પ્રતિમાઓ પધરાવી. આ મણિરત્નોની પ્રતિમાની પ્રસિદ્ધિ બધી જગ્યાએ ફેલાણી. તે સાંભળીને એક દુર્વ્યસની ચોરે લોભમાં લલચાઈને વિચાર કર્યો કે આ મણિરત્નોની ચોરી માટે ત્યાગીનો વેષ ધારણ કરવાથી તેની ચોરી કરવી સહેલી થશે. તેથી માયાજાળથી કપટ કરી બ્રહ્મચારીનો વેષ ધારણ કરી જૂઠું તપશ્ચરણ આદિ કાયક્લેશ કરવા લાગ્યો અને તેનાથી ભોળા લોકોમાં ખૂબ પ્રશંસા થવા લાગી. ગામે ગામ ફરતાં ફરતાં એક વખત ભૂતિલકપુરમાં આવ્યો અને લોકોના મુખેથી ધનપતિ શેઠે બ્રહ્મચારીની પ્રશંસા સાંભળી

તેથી ધનપતિ શેઠે બ્રહ્મચારી પાસે જઈ વિનંતિ કરીને તેને જિનાલયમાં લઈ આવ્યા અને ત્યાં તેણે બગલાની જેમ માયાચારથી કાયક્લેષ આદિ વડે લોકોમાં માન મેળવ્યું.

એક વખત ધનપતિએ બ્રહ્મચારીજીને વિનંતિ કરી કહ્યું કે હું ધન ઉપાર્જન માટે વિદેશ જાવ છું, જ્યાં સુધી પાછો ન આવું ત્યાં સુધી તમે આ જિન મંદિર, જિન પ્રતિમાઓ આદિની સંભાળ રાખજો. પરંતુ કપટી બ્રહ્મચારી તો કહેવા લાગ્યો કે અરે! શેઠ અમે તો ત્યાગી, આવી ઉપાધિમાં અમારું કામ નહિ! પરંતુ શેઠ તો આગ્રહ કરી બ્રહ્મચારીજીને બધું સોંપીને પરદેશ ગયા.

શેઠ પરદેશ જતાં કપટી વેષધારીને મોકો મળી ગયો અને જિનાલયના કિંમતિ ઉપકરણોને વ્યસનો આદિ દુરાચારમાં વાપરી નાખ્યા. પરંતુ આવા પાપો ક્યાં સુધી છાના રહે? બ્રહ્મચારીના આખા શરીરમાં કોઢનો રોગ ફૂટી નીકળ્યો. મહા પીડા થવા લાગી. શરીર મહાદુર્ગંધમય થઈ ગયું. સાચું જ કહ્યું છે કે અધિક પુણ્ય અથવા પાપનું ફળ તુરત આવી જાય છે. ગ્રંથકાર કહે છે કે હળાહળ ઝેર ખાવું સારુ છે કે જે એક જ ભવમાં પ્રાણ હરે છે પરંતુ નિર્માલ્ય દ્રવ્ય ખાવાથી તો અનંત ભવ બગડે છે. એ વાતને ધ્યાનમાં લઈને બુદ્ધિમાનોએ દેવ-ગુરુ-શાસ્ત્રનું નિર્માલ્ય દ્રવ્ય કદી લેવું જોઈએ નહિ.

બ્રહ્મચારી કોઢની ભીષણ વેદનામાં ત્યાં રહેતો હતો એવામાં શેઠ ધનપતિ વિદેશ યાત્રાથી ઘેર આવી ગયા. તેને દેખતાં બ્રહ્મચારીનો ક્રોધ ભભુકી ઊઠ્યો કે અરે પાપી શેઠ પરદેશમાં મર્યો નહિ ને ઘેર જીવતો આવી ગયો. એવા ક્રોધમાં ને ક્રોધમાં તેની રોગની વેદના વધી ગઈ અને મહા રૌદ્ર ધ્યાનથી મહાકષ્ટથી પ્રાણ છોડી સાતમી નરકમાં ગયો ત્યાં પાપી વિચારે છે કે અરે આ ઘોર દુઃખોનો અંત ક્યારે આવશે?—એમ વિલાપ કરે છે. સાતમી નરકના ભયાનક દુઃખોને ૩૩ સાગર સુધી સહન કરી ત્યાંથી મરણ કરી મહામચ્છ થયો અને ત્યાં પણ મહા આકરા પાપ કરી ફરી સાતમી નરકમાં ગયો. ત્યાં મહાઃદુખ ભોગવી ત્યાંથી નીકળી ત્રશ સ્થાવર યોનિઓમાં ઘણો કાળ ભ્રમણ કર્યું અને ત્યાંથી નીકળી અકૃતપુણ્ય થયો.

મુનિરાજ કથાને આગળ કહે છે કે તે અકૃતપુણ્ય એક દિવસ સુકૃતપુણ્યના ખેતર ઉપર ગયો અને સુકૃતપુણ્યને આજીજી કરી કહેવા લાગ્યો કે બીજા લોકો તમારા ખેતરમાંથી ચણા ઉખાડે છે તેમ હું પણ ઉખાડું તો મને શું આપશો? આવા દીન વચનો સાંભળી સુકૃતપુણ્ય વિચારવા લાગ્યો કે અરે! સંસારમાં કર્મની વિચિત્રતા છે જે સ્વામી છે એ તો નોકર થઈ જાય છે ને નોકર હોય તે સ્વામી બને છે. હાય! આના પિતાના પ્રસાદથી તો હું આ ગામનો માલિક થયો છું. મારા જ શેઠનો આ પુત્ર છે. પરંતુ કર્મોદયથી મારી પાસે યાચના કરે છે. ધિક્કાર છે આવા કર્મોને! એમ વિચારી દયાથી સુકૃતપુણ્યને ધનના ભરેલા સુવર્ણ કળશો આપ્યા. પરંતુ અકૃતપુણ્યના

પાપકર્મ એટલા આકરાં હતા કે તે હાથમાં લેતાવેંત ધનથી ભરેલા કળશ તેને અગ્નિના અંગારા સમાન બાળવા લાગ્યા! તેથી અકૃત્તપુણ્ય કહેવા લાગ્યો કે ભાઈ! બીજાને તો તમે ચણા આપો છો અને મને અંગારા કેમ આપો છો? આથી સુકૃત્તપુણ્યે જોયું કે આના હજુ પાપકર્મ દારૂણ લાગે છે. તેથી તેને કહ્યું કે ભાઈ તું મારા અંગારા મને પાછા આપી દે અને તારાથી ઉપડે તેટલા ચણાની ગાંઠડી ભરી લઈજા. અકૃત્યપુણ્ય પોતાથી ઉપડે તેટલા ચણા ઉંચકીને ઘેર લઈ ગયો. ત્યાં તેની માતાએ ચણા જોઈને પૂછ્યું કે તું ચણા કયાંથી લાવ્યો? ત્યારે તેણે કહ્યું કે હું સુકૃતપુણ્યના ખેતરે કામ કરવા ગયો હતો ત્યાંથી લાવ્યો છું. આ સાંભળી તેની માતા દુઃખિત હૃદયે વિચારવા લાગી કે હાય! જે સુકૃતપુણ્ય મારો જ નોકર હતો તે માલિક થઈ ગયો અને અમે માલિક હતા તે ભીખારી થઈ ગયા! અહો! દૈવની ગતિ ન્યારી છે. એમ વિચારી દેશાંતર જવા માટે તેણે ચણાનું ભાતુ બનાવી માતાપુત્ર બીજા ગામ તરફ રવાના થઈ ગયા. ચાલતાં ચાલતાં અવંતિદેશના સીસવાક ગામે આવી પહોંચ્યાં અને માર્ગની થકાવટ દૂર કરવા તે ગામના શેઠ બલભદ્રના આંગણામાં જઈને બેઠા. [ક્રમશઃ]

---

* પર્યુષણપર્વ પ્રસંગે શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ સુરતમાં પ્રવચન કરવા આવેલા પં. શ્રી નવલચંદભાઈ જે. શાહના પ્રોત્સાહનથી અમારા મુમુક્ષુ મંડળે એક નૂતન સ્વાધ્યાયમંદિર નિર્માણ કરવાનું નક્કી કર્યું છે. અમારું મંડળ નાનું હોવા છતાં અહીંના મુમુક્ષુઓને ધાર્મિક ભાવના ઘણી હોવાથી આ નૂતન સ્વાધ્યાયમંદિરના નિર્માણ માટે ઉત્સાહથી દાનરાશિ નોંધાવતાં રૂપિયા પંચાવન હજારનો ફાળો થઈ ગયો છે. અહીંના મુમુક્ષુઓનો ઉલ્લાસ જોતાં પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના પુણ્યપ્રતાપે આ કાર્ય વિના વિલંબે પૂરું થવા પામશે.

—નિરંજન સી. શાહ
જોઈન્ટ સેક્રેટરી,
શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ, સુરત

*** ભેટ પુસ્તક :—**

શ્રી નેમીચંદ સૌભાગ્યમલ પાટણીના માતુશ્રીની સ્મૃતિ નિમિત્તે દરેક જિનમંદિરો, વાંચનાલયો, ત્યાગીઓ તથા વિદ્વાનોને जिनवस्यनयचक्रम (લેખક: ડૉ. હુકમચંદજી ભારિલ્લ) ભેટ આપવામાં આવે છે. ઇચ્છુક સજ્જનોએ ૯૦ પૈસાની પોસ્ટ-ટિકિટ મોકલીને પુસ્તક મંગાવી લેવું.

સરનામું :—શ્રી ટોડરમલ સ્મારક ભવન
એ/૪ બાપુનગર, જયપુર–૧૫ (રાજ.)

## શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના વિવિધ દાન ખાતાઓ માટે દાતાર તરફથી જાહેર કરવામાં આવેલી દાનરાશિ:—

**[ પૂજ્ય ગુરુદેવશ્રીના સદુપદેશના પ્રભાવથી લોભ-કષાય ઘટાડીને ધર્મ પ્રભાવના માટે દાન આપતાં દાતારોને પ્રોત્સાહિત કરવા તથા અન્ય સાધર્મીઓને પ્રેરણાહેતુએ પ્રગટ કરવામાં આવતી નામાવલિ :– ]**

૩૦૧–૦૦ શ્રી બાબુલાલ ચીમનલાલ મોદી મલાડ
૧૦૧–૦૦ „ ગુલકન્દાબેન સુંદરલાલ ભીંડ
૧૦૧–૦૦ „ અમૃતલાલ જેઠાલાલ શાહ જામનગર
૧૦૧–૦૦ „ શાંતીલાલ કપૂરચંદ શાહ તથા
શ્રીમતી ગુલાબકુંવર એચ. શાહ કલકત્તા
૧૦૧–૦૦ „ તારાબેન કપૂરચંદ કોઠારી સોનગઢ
૧૦૧–૦૦ „ સી. જે. શાહ મુંબઈ
૧૦૧–૦૦ „ ચંપકલાલ મગનલાલ દોશી સુરેન્દ્રનગર
૧૦૨–૦૦ સ્વ. શ્રી નવીનલાલ હરીચંદ
કામદાર ગઢડાવાળા સોનગઢ
૫૦૨–૦૦ „ શ્રી જિજ્ઞાબેન દીપકભાઈ કામદાર
૫૦૧–૦૦ „ રમીલાબેન ઈન્દ્રવદનનાં સુપુત્રી
શ્રી સ્મીતાબેન તરફથી બોરીવલી
૨૫૦–૦૦ „ પીસ્તોદેવીબેન જૈન દિલ્હી
૫૦૧–૦૦ „ જયંતિલાલ મોનજી વોરા મુંબઈ
૧૦૦૧–૦૦ „ મરઘાબેન, રજનીકાન્તભાઈ તથા
તેમનાં ધર્મપત્ની મંજુલાબેન
મંડલ વિધાનપૂજા સોનગઢ
૫૦૪–૦૦ „ મનહરલાલ ધીરજલાલના સુપુત્ર
ચિ. ભરતકુમારના લગ્ન પ્રસંગે
૧૦૫–૦૦ „ ફુલચંદ્ર વિમલચંદ ઝાંઝરી ઉજ્જૈન
૨૨૧–૦૦ „ બી. એલ. વરખેડકર
૨૨૧–૦૦ „ મોહનલાલ સંઘવી પુના
૧૫૧–૦૦ „ નવનીતલાલ રતીલાલ શાહ
લીંબડીવાળાના સુપુત્ર મિલીન્દના
લગ્નપ્રસંગે વીલાંપાર્લા
૧૨૦૩–૦૦ „ ચતુરભાઈ કેશવજી ભાયાણી
લાઠીવાળા જમશેદપુર
૨૨૨–૦૦ „ સનતકુમાર સાગર
૭૭૧૦–૦૦ „ શાન્તાબેન જીવણલાલ શાહ મુંબઈ
૧૫૧–૦૦ „ નાથુરામ જૈન ગૌહદ
૧૦૧ ૦૦ „ વીરચંદ જેઠાભાઈ માલદે સોનગઢ
૧૦૧–૦૦ „ મનહરલાલ ધીરજલાલ શાહ સુરત
૧૦૧–૦૦ „ શાન્તાબેન બી. સુરત
૫૫૧–૦૦„ દિ. જૈન શાસ્ત્રસભા સોનીપત શહેર
૧૦૧–૦૦ „ રંગવિરાર સોનીપત
૧૦૧–૦૦ સ્વ. ટીકુભાઈ નગીનદાસનાં સ્મરણાર્થે
હસ્તે શ્રી તારાબેન નંદબારવાળા
૨૦૦–૦૦ „ રતનમાલા જૈન દિલ્હી
૧૦૨–૦૦ „ પ્રકાશચંદ્ર લાલચંદ્ર જૈન અશોકનગર
૧૭૦–૦૦ „ સુશીલાબેન શાહ કલકત્તા
૧૦૧–૦૦ „ કાન્તીલાલ હરીલાલ શાહ મુંબઈ
૧૫૧–૦૦ „ ગટ્ટુલાલ જૈન ગુના
૨૮૩–૦૦ „ સુરેશકુમાર જૈન મડાંબામોરા
૨૫૨–૦૦ „ એક મુમુક્ષુ બેન ભાવનગર
૧૦૧–૦૦ „ મનહરલાલ પોપટલાલ શેઠ બેંગલોર
૧૦૧–૦૦ „ મંજુલાબેન મનહરલાલ શેઠ બેંગલો
૩૭૧–૦૦ „ પ્રભાબેન જટુભાઈ મહેતા
૪૦૧–૦૦ „ જયંતિલાલ મોનજી વોરા હ.
શ્રી કમળાબેન જામનગરવાળા મુંબઈ
૧૦૦૮–૦૦ સ્વ. ભાનુબેન જયસુખલાલ વાઘર
જામનગર

૬૭૫-૦૦ શ્રી ગુજરાતી ભાઈઓ
૩૦૩-૦૧ „ મંજુલા મનહરલાલ શેઠ બેંગલોર
૫૦-૦૦ „ સોમચંદભાઈ તથા દીવાળીબેનનાં
સ્મરણાર્થે મનોરમાબેન શાન્તીલાલ શાહ
૧૦૧-૦૦ „ ભાઈલાલ કેશવલાલ દોશી માટુંગા
૧૦૧-૦૦ „ શારદાબેન રસણીકલાલ વઢવાણ
૨૦૧-૦૦ „ ઇલાબેન તથા અંજનાબેન
મનસુખલાલ શેઠ અમદાવાદ
૧૦૧-૦૦ „ એક મુમુક્ષુ બેન
હ. તારાબેન નંદરબારવાળા
૧૫૦૩-૦૦ „ કાન્તીલાલ હરીલાલ શાહ મુંબઈ
૨૦૧-૦૦ સ્વ. વોરા ચુનીલાલ દેવકરણ હ.
વિનોદભાઈ તથા નટુભાઈ જામનગર
૯૫૦-૦૦ શ્રી કુસુમબેન ધરમચંદ કામાણી જમશેદપુર
૩૦૨-૦૦ „ કુસુમબેન મહેન્દ્રભાઈ દડીયા ઘાટકોપર
૧૨૧-૦૦ „ જસ્મીના મહેન્દ્રભાઈ દડીયા ઘાટકોપર
૨૦૭-૦૦ „ હંસાબેન ચીમનલાલ માવાણી
૩૮૯-૦૦ „ ચંદ્રકાન્ત મહાસુખલાલ મણીયાર
હ. બ્ર. ગુણીબેન
૧૦૩૫-૦૦ „ રસીકલાલ વીકમચંદ સંઘવી કલકત્તા
૨૬૦-૦૦ „ મદ્રાસ દિ. જૈન સ્વા. ટ્રસ્ટ મદ્રાસ
૨૫૨-૦૦ „ માનમલજી મહાવીરપ્રસાદ
૧૨૬-૦૦ „ મુરલીધર સેઠી
૧૦૫-૦૦ „ પતાસીદેવી જૈન
૧૦૧-૦૦ „ નયનાદેવી જૈન
૧૦૧-૦૦ „ સરલાદેવી જૈન
૧૦૧-૦૦ „ લતાદેવી જૈન
૧૦૦-૦૦ „ સુગનચંદ્ર સેઠી
૧૦૧-૦૦ શ્રી મણિલાલ ઉજમશી ખારા અમદાવાદ

૨૦૧-૦૦ „ ત્રંબકલાલ જગજીવનદાસ મુલુંડ
૧૦૨-૦૦ „ છોટાલાલ નાનચંદ સંઘવી થાનગઢ
૨૦૧-૦૦ „ પુષ્પાબેન મનસુખલાલ દોશી ઘાટકોપર
૨૩૯-૦૦ „ શશીકાન્ત મૂળજીભાઈ ખારા તથા
પ્રવીણાબેન શશીકાન્ત ખારા
૧૬૯-૦૦ „ પં. તારાચંદ મહેન્દ્રકુમાર શરાફ
૨૦૧-૦૦ સ્વ. અમૃતલાલ શીવલાલ તુરખીયા
હ. કાશીબેન તુરખીયા
૩૪૫-૦૦ શ્રી પ્રાણજીવનદાસ હરજીવનદાસ
પોરબંદરવાળા
૨૦૧-૦૦ „ દક્ષાબેન નલીનકાન્ત ડેલીવાળા
હ. મણીલાલ ગુલાબચંદ્ર ડેલીવાળા
૧૨૦-૦૦ „ શેઠ ચીમનલાલ ચુનીલાલ મુંબઈ
૧૭૦-૦૦ „ ચંદ્રકાન્ત ઉજમશી શાહ મુંબઈ
૧૦૦૦-૦૦ „ શાહ ધીરજલાલ નરોત્તમદાસ
હ. ત્રિવેણીબેન શ્રી દશલક્ષણ ધર્મ
મંડલ વિધાન પૂજા મુંબઈ
૧૦૧-૦૦ „ ચંદુભાઈ શાન્તીલાલ શાહ સુરત
૧૦૦-૦૦ „ વિદ્યાબેન હરખચંદ મહેતા
હ. હિંમતભાઈ મોરબીવાળા
૧૦૦-૦૦ „ રસીકલાલ વિકમચંદ સંઘવી કલકત્તા
૧૦૧-૦૦ સ્વ. ડાહીબેન વનમાળીદાસ કામદાર
હ. હસમુખરાય વનમાળીદાસ ગોંડલ
૨૦૧-૦૦ સ્વ. ચંદુલાલ ધરમશીભાઈનાં
સ્મરણાર્થે
૫૦૧-૦૦ સ્વ. ચંદુલાલ ધરમશી ગોધીત્રા
સ્મરણાર્થે હ. શ્રી ગાંધી
ધરમશીભાઈ નાનચંદ તરફથી

૨૦૧-૦ દમયંતીબેન રસિકલાલ સંઘવી કલકત્તા
૨૦૧-૦૦ શ્રી મનસુખલાલ અમેચંદભાઈ
૧૦૦૪-૦૦ „ ચીમનલાલ વીકમચંદ સંઘવી મુંબઈ
૧૦૧-૦૦ „ કસ્તુરબેન નવલચંદ લોદરીયા સોનગઢ
૨૦૧-૦૦ સ્વ. ભાનુ કાન્તીલાલ શેઠ
હ. શ્રી અનુબેન
૨૦૧-૦૦ સ્વ. ડૉ કાન્તીભાઈ જગજીવન
હ. શ્રી અનુબેન
૨૦૧-૦૦ શ્રી વિજય કાન્તીલાલ શેઠ
હ. શ્રી અનુબેન
૧૦૧-૦૦ „ નવીનચંદ્ર લક્ષ્મીચંદ્ર ધ્રાંગધ્રાવાળા
હ. છબલબેન ગાંધી
૧૦૧-૦૦ „ એક સદ્‌ગૃહસ્થ મુંબઈ
૧૦૧-૦૦ „ એમ. એચ. ઝોબાળિયા સોનગઢ
૨૪૪-૦૦ „ પ્રભુદાસ તારાચંદ કામદાર સોનગઢ
૩૦૧-૦૦ „ લક્ષ્મીદાસ હીરાચંદ લાખાણી રાજકોટ
૧૦૧-૦૦ „ પ્રશાન્ત નિરંજનભાઈ જસાણી
સોનગઢ
૧૦૧-૦૦ „ દુર્ગાબેન લીલાધરભાઈ સોનગઢ
૧૦૧-૦૦ „ મનુભાઈ રતિલાલ કામદાર
૧૦૧-૦૦ „ બોટાદ મુમુક્ષુ મંડલ બોટાદ
૩૧૩-૦૦ „ દિ. જૈન મુમુક્ષુ મંડળ સુરત
૧૩૮ ૦૦ „ નિરંજન ચીમનલાલ શાહ સુરત
૧૫૨-૦૦ „ ચંદુલાલ જગજીવનદાસ પારેખ
૨૦૨-૦૦ „ નગીનદાસ હીંમતલાલ ડગલી મલાડ
૩૦૦-૦૦ „ ડૉ. પ્રવીણભાઈ દોશી રાજકોટ
૧૦૧-૦૦ „ પ્રભાવતીબેન રતીલાલ શાહ અમદાવાદ
૨૦૦-૦૦ „ છગનલાલ ચુનીલાલ શાહ કલકત્તા
૭૫૨-૦૦ „ મનોજકુમાર મગનલાલ પારેખ કેનેડા

૭૫૨-૦૦ શ્રી જ્યોતિબેન જીતેન્દ્રકુમાર અમેરીકા
૧૨૦૩-૦૦ સ્વ. ફૂલચંદ હંસરાજ દોશીના સ્મરણાર્થે
તેમનાં સુપુત્રી તરફથી મોરબી
૧૦૧-૦૦ શ્રી એક મુમુક્ષુબેન તરફથી સોનગઢ
૧૫૫૪-૦૦ „ કુસુમબેન અમૃતલાલ બાવીશી
અબુધાબી
૩૫૪-૦૦ „ હસમુખભાઈ મોતીલાલ શાહ મસ્કત
૧૦૧-૦૦ „ સુંદરબેન સુવાસબેન સોનગઢ
૧૦૧-૦૦ „ મંજુલાબેન ગંગાબેન હસ્તે ઈલાબેન
૫૦૧-૦૦ „ ધીરૂભાઈ તંબોળી ભાવનગર
૧૦૧-૦૦ „ શાંતિભાઈ-કાંતિભાઈ જોડીયાવાળા
૨૫૦૧-૦૦ „ હીરાલાલભાઈ ભીખાલાલ શાહ દહેગામ
૨૦૧-૦૦ „ પ્રભાવતીબેન લાભુબેન મંજુબેન
બ્ર. ગુણવંતીબેન અડતાળા
૨૫૧-૦૦ „ નિર્મળાબેન કવરચંદ સનાવદ
૪૬૦૦-૦૦ „ પાર્વતીબેન નંદલાલ ગાંધી બોટાદ
૫૦૦-૦૦ „ બાહુબલી બલગ બેંગલોર
યાત્રાસંઘ તરફથી
૨૨૦-૦ „ મોહનલાલ દગડૂરામ સંઘવી ચોડનદી
૨૨૫૪-૦૦ „ ચંદનબેન હીંમતલાલ
તલસાણીયા મુંબઈ
૩૭૫-૦૦=૭૫×૫ શ્રી જડાવબેન નાનાલાલ જસાણી
૨૨૫- ૦=૭૫×૩ „ શાન્તિભાઈ તથા કાન્તિભાઈ
જોડીયાવાળા હ, બ્ર. સુશીલાબેન
અને બ્ર. સુલોચનાબેન સોનગઢ
૨૨૫ ૦૦=૭૫×૩ „ ખીમચંદ છો. ઝોબાલિયા
૧૫૦-૦૦=૭૫×૨ „ ચંપાબેન ઉમરાવપ્રસાદ જૈન
ખંડવા હ. બ્ર. અ શાબેન
૩૭૫-૦૦=૭૫×૫ „ કાન્તિભાઈ મોટાણી મુંબઈ

[ આજનું સોનગઢ પાનું....૩ થી ચાલુ ]

વળી વર્તમાન યુગમાં વીરમાર્ગના પ્રચંડ પ્રદ્યોતક પુરાણ પુરુષ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિની શોભારૂપ સાતિશય સ્વાનુભૂતિના પ્રણેતા કે જેમની જ્ઞાન–વૈરાગ્યમય અંતર પરિણતિ માટે પૂજ્ય ગુરુદેવશ્રી ઘણા જ વાત્સલ્ય અને આદરભાવે મહિમા કરતા હતા એવા ધર્મરત્ન પ્રશમમૂર્તિ પવિત્ર ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પાવનકારી છત્રછાયા વર્તમાનમાં સોનગઢમાં વર્તતી હોવાથી મહિમાવંત સ્વાનુભૂતિના પુરુષાર્થની નિરંતર પ્રેરણા મળતી રહેતી હોવાથી સ્વાનુભૂતિ માટે તલસતાં જિજ્ઞાસુ મુમુક્ષુઓનું આકર્ષણ કેન્દ્ર સુવર્ણધામ–સોનગઢ આજે પણ મુમુક્ષુવૃંદોથી શોભી રહ્યું છે. નિત્યનવા આગંતુક મહેમાનોને—યાત્રાળુઓને આ ધર્મરત્ન પવિત્ર આત્માના દર્શન તેમ જ આત્મહિતકારી અમૃતવાણીનો લાભ મળતા ધન્યતા અનુભવે છે.

વળી જે રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની શીતળ છત્રછાયામાં ચારેકોર મુમુક્ષુ-નિવાસ-સ્થાનો—બંગલાઓ બંધાતાં જ રહેતાં હતા તેમ આજે પણ નવા છ મોટા મકાનો બંધાઈ રહ્યા છે અને જગ્યાની અનુકૂળતા મુજબ મકાનો બંધાવીને સોનગઢ કાયમી રહેવાની મુમુક્ષુઓને ભાવના વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં જે રીતે કાયમી રહેનારાઓ માટે મકાનની ખેંચ વર્તતી હતી તેવી જ રીતે, આજે પણ, નવા મકાનો થતાં રહ્યાં હોવા છતાં પણ કાયમી વસવાટ કરનારાઓને મકાન મેળવવાની ખેંચ વર્તી જ રહી છે.

જોકે આપણા કમભાગ્યે કરુણાસાગર કૃપાળુ ગુરુદેવના સાક્ષાત્ દર્શન-શ્રવણ અપ્રાપ્ય બન્યા છે તોપણ જે રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં આત્મસાધના માટે, અને યાત્રાળુઓ માટે સોનગઢ એકમાત્ર પવિત્ર સાધનાભૂમિ-આકર્ષક તીર્થધામ બની ચૂકયું હતું તેવી જ રીતે આજે પણ તત્ત્વરસિક જિજ્ઞાસુ જીવો માટે શાંત, નિવૃત્ત અને પૂજ્ય ગુરુદેવશ્રીના સ્મરણ દ્વારા આત્મપ્રેરણા આપતું સોનગઢ એક ઉત્તમ આત્મસાધના કેન્દ્ર અને ભારતભરના ધર્મપ્રેમી યાત્રાળુઓ માટેનું આકર્ષક તીર્થધામ બન્યું છે. ભારતભરના ગમે તે ખૂણેથી નીકળેલા યાત્રાળુઓ તીર્થધામ સોનગઢ અચૂક આવે જ છે ને પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિનાં જાગૃત વાતાવરણથી, ભગવાન આત્મા અને તેની સ્વાનુભૂતિનો અતિશય મહિમા બતાવતી સ્વાનુભૂતિયુક્ત સાક્ષાત્ વાણી–ટેઈપ પ્રવચનો સાંભળવાથી અને આવનાર દરેક યાત્રાળુસંઘને ફિલ્મ દ્વારા થતાં પૂજ્ય ગુરુદેવશ્રીના સાક્ષાત્ દર્શનથી અત્યંત પ્રસન્નતા પૂર્વક પ્રમોદ વ્યક્ત કરતાં અહોભાવથી કહે છે કે ખરેખર,

સ્વામીજીની અનુપસ્થિતિમાં પણ સવારથી રાત્રિ સુધી ચાલતાં ધાર્મિક કાર્યક્રમોથી સોનગઢ એક અદ્વિતીય આકર્ષક ધર્મસ્થાન બની ગયું છે ને દિન-પ્રતિ-દિન તેનું નામ દેશભરમાં ફેલાતું જ રહેશે, અને આત્મહિત માટે નિવૃત્તિથી રહેવા ઝંખતા ધર્મબંધુઓ માટે સોનગઢ જ એક અજોડ ધર્મસ્થળ તરીકે ખ્યાતિ પામશે.

---

—આ છે આજનું સોનગઢ; અર્થાત્ જેમનું ચિત્ત ભવભયથી ડરેલું છે ને ખ્યાતિલોભથી ઉદાસીનપણે વર્તે છે એવા ખરા જિજ્ઞાસુ મુમુક્ષુઓ માટે આત્મભાવનાની પુષ્ટિ માટે સતત પુરુષાર્થ-પ્રેરણાદાયી પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ એટલે આજનું સોનગઢ.

## સુવર્ણપુરીના સમાચાર:—

* જેમની સ્વાનુભૂતિ મુમુક્ષુઓને પ્રેરણારૂપ છે એવા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનું સ્વાસ્થ્ય ઘણા મહિનાઓથી નાદુરસ્ત હતું, પરંતુ તત્ત્વરસિક જિજ્ઞાસુઓના પુણ્યોદયે હવે તેઓશ્રીનું સ્વાસ્થ્ય સુધારા ઉપર હોવાથી ઘણા સમય બાદ પ્રથમ આસો સુદ એકમ અને ત્યાદ બાદ દ્વિતીય આસો સુદ એકમના રોજ ભગવાન શ્રી સીમંધરસ્વામીના જિનમંદિરે દર્શન તથા પૂજન કરવા પધારતાં મુમુક્ષુઓ અત્યંત આનંદ અનુભવતા હતા.

* શાસનનાયક ભગવાન શ્રી મહાવીરસ્વામીનો નિર્વાણ કલ્યાણક મહોત્સવ આસો વદ ૧૧, ગુરુવાર તા. ૧૧-૧૧-૮૨ થી વદ ૦)) સોમવાર તા. ૧૫-૧૧-૮૨ —પાંચ દિવસ સુધી શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણક પૂજા તથા ભક્તિ પૂર્વક ઉજવવામાં આવશે.

* પરમોપકારી પરમ પૂજ્ય ધર્મપિતા ગુરુદેવશ્રીનો દ્વિતીય વાર્ષિક સમાધિ-દિન-સમારોહ (કારતક વદ ૭) તા. ૩-૧૨-૮૨ થી તા. ૭-૧૨-૮૨ —પાંચ દિવસનો રાખવામાં આવ્યો છે. તે સમારોહમાં શ્રી જિનેન્દ્ર મંડલ વિધાન-પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ ખાસ આધ્યાત્મિક વિવિધ ટેપ-પ્રવચનો, સમાગત વિદ્વાનોની શાસ્ત્રસભા, ઘાટકોપરની ભજનમંડળી દ્વારા ભક્તિ, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનાં દર્શન, ફિલ્મ વગેરે કાર્યક્રમો રાખવામાં આવશે.

ઉપરોક્ત સમાધિ-સમારોહ પ્રસંગે બહારગામથી આવનારા સાધર્મી મહેમાનોને સ્વામીવાત્સલ્ય ભોજન આપવાની જેમને ભાવના હોય તેમને શરૂઆતના ચાર દિવસ માટે પ્રત્યેક ટંકના રૂા. ૨૦૦૦-૦૦ અને સમાધિદિનના પ્રત્યેક ટંકના રૂા. ૫૦૦૦-૦૦ નક્કી કરવામાં આવ્યા છે. લાભ લેવા ઇચ્છતા દાતાઓએ તુરત સંસ્થાને જાણ કરવી.

ઉપર જણાવેલ સ્વામીવાત્સલ્ય ભોજન આપવાનો લાભ લેવા માટે એક ટંકના રૂા. ૨૦૦૦ શ્રી કાંતિભાઈ રામજીભાઈ મોટાણી મુંબઈ અને રૂા. ૨૦૦૦ શ્રી શાંતિલાલ ચિમનલાલ ઝવેરી, (મુંબઈ) તરફથી જાહેર કરવામાં આવેલ છે. બીજા જે કોઈ નામો નોંધાશે તે આગામી અંકમાં જાહેર કરવામાં આવશે.

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીનું ધાર્મિક પ્રવૃત્તિમય જીવન વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા-ભક્તિ તેમજ શાસ્ત્રસ્વાધ્યાય વગેરે કાર્યક્રમોથી નિયમિત ગૂંજતું રહે છે. પ્રાતઃ જિનેન્દ્ર-દર્શનપૂજન, ત્યાર બાદ પ્રાતઃસ્મરણીય પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પરમાત્મપ્રકાશ-શાસ્ત્ર ઉપર (૧૯૭૬) નું અધ્યાત્મરસઝરતું ટેઈપ-પ્રવચન, બપોરે શ્રી સમયસાર–પરિશિષ્ટ ઉપર બ્ર. શ્રી ચંદુભાઈનું શાસ્ત્રવાંચન, જિનમંદિરમાં સમૂહરૂપે જિનભક્તિ અને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર (૧૯૬૬) નું ભાવવાહી ટેપ-પ્રવચન—એ રીતે આખો દિવસ ધાર્મિક કાર્યક્રમ નિયમિત રીતે ચાલી રહ્યો છે.

**સૂચના:**—પૂજ્ય ગુરુદેવશ્રીના દ્વિતીય વાર્ષિક સમાધિ દિને પ્રવચનરત્નાકર ભાગ–૭ પ્રકાશિત કરવામાં આવશે. જે કોઈ મુમુક્ષુ મંડળોને કે મુમુક્ષુઓને મોટી સંખ્યામાં પુસ્તકો જોઈતા હોય તેઓએ શ્રી કુંદકુંદ–કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ, ૧૭૩/૧૭૫, મુમ્બાદેવી રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૨ અથવા તો શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ–૩૬૪૨૫૦ ઉપર પોતાનો ઓર્ડર તુરત મોકલી આપવો.

* રાજકોટનિવાસી શાંતિલાલ હેમતરામ પારેખ (વર્ષ ૭૪) તા. ૧૪–૧૦–૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી છબીલભાઈ રતીલાલ વસાણી (વર્ષ ૬૫) તા. ૧૯–૧૦–૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈનિવાસી મોતીબેન કાળીદાસ કામદાર (વર્ષ–૭૪) તા. ૧૬–૯–૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગધર્મનું શરણ પામી આત્મોન્નતિ પામો એ જ ભાવના.

* દશેરાના રોજ શ્રી જયંતીભાઈ ભાયાણી લાઠીવાળા, શ્રી મગનલાલજી જૈન તથા બ્ર. વિમલાબેન રીખવદાસજી જૈનના ત્રણ નવા મકાનોનું વાસ્તુ કરવામાં આવેલ, જેની ખુશાલીમાં તેઓ તરફથી સાધર્મી ભાઈ–બહેનોને સ્વામીવાત્સલ્યભોજન આપવામાં આવેલ. નવા મકાનોનાં વાસ્તુ નિમિત્તે માંગલિક તરીકે નોમના સવારે જિનમંદિરમાં શ્રી પંચ-પરમેષ્ઠીપૂજા રાખવામાં આવી હતી.

# દાતાઓની મૂંઝવણ

સંસ્થા ઉપર કેટલાક મુમુક્ષુ ભાઈઓનાં નીચે પ્રમાણેની મતલબના પત્રો આવે છે, અને માર્ગદર્શન માગે છે :—

"અમોએ શ્રી કુંદકુંદ-કહાન તીર્થરક્ષા ફંડમાં સારી એવી રકમ નોંધાવી હતી અને તેના અમુક હફતા તો ભરી દીધા છે. આ ફંડ સાથે પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનું નામ જોડાયેલું હોવાથી અમોએ માનેલું કે આ દાનની રકમ સોનગઢમાં અથવા પૂજ્ય ગુરુદેવશ્રીના નિમિત્તે થતાં પ્રભાવનાનાં કાર્યમાં કે સોનગઢથી પ્રકાશિત થતાં આધ્યાત્મિક સાહિત્ય-પ્રકાશન કાર્યમાં વપરાવાની છે. પણ હમણાં અમારા જાણવામાં આવ્યું છે કે, ઉપરના ફંડમાં જે લાખો રૂપિયાની રકમ ભેગી થઈ છે તેમાંથી એક કોડી પણ ઉપર લખેલ કાર્યોમાં વપરાઈ નથી અને વપરાવાની પણ નથી. જો આમ હોય તો અમારો વિચાર અમારી બાકી રહેતી રકમ અમારે સોનગઢમાં નવનિર્માણ થતાં પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં, પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિમંદિરમાં કે સોનગઢથી થતા જ્ઞાનપ્રચારમાં અર્પણ કરવાનો છે. આ બાબતમાં આપનું મંતવ્ય જણાવવા કૃપા કરશો."

—આવા પત્રો લખનાર મુમુક્ષુઓને નિવેદન કરવાનું કે આ તો વ્યક્તિગત ઇચ્છાનો સવાલ છે, જો દાતાને એમ લાગે કે પોતે દાનમાં આપેલ રકમ જે પ્રયોજન માટે તેમણે આપેલ તેમાં વપરાતી નથી તો બાકી રહેતી રકમ તેઓ કોઈ પણ સંસ્થાને પોતાની ઇચ્છા-અનુસારનાં શુભ કાર્યોમાં વાપરવા માટે આપવાને સ્વતંત્ર છે.

સાંભળવા પ્રમાણે મુંબઈમાં હમણાં જ ઘણા મુમુક્ષુઓએ જાહેર કર્યું છે કે—શ્રી કુંદકુંદ-કહાન તીર્થરક્ષા ફંડમાં આપવાની બાકી રહેતી રકમ તેઓ સોનગઢ ટ્રસ્ટ દ્વારા થતાં શુભ કાર્યો માટે આપવાના છે. આ રીતે કરવાને દરેક મુમુક્ષુ સ્વતંત્ર છે, તેમાં કાયદાનું કોઈ બંધન નથી.

—૦—

**ભેટ-કુપન સંબંધી સૂચના—**

(૧) દરેક ગ્રાહકે ભેટ-કુપનમાં પૂરી વિગત ભરીને પોતપોતાના મંડળમાં ભેટ-કુપન આપવું.

(૨) દરેક મંડળોને વિનંતી કે એકત્રિત થયેલા ભેટકુપનો લીસ્ટ સાથે નીચે જણાવેલ સરનામે મોકલી આપવા.

(૩) પોતાના મંડળોમાં ભેટ-કુપન જમા કરાવનાર ગ્રાહકને તેઓના મંડળ ઉપર ભેટપુસ્તક તુરત મોકલી આપવામાં આવશે, માટે ત્યાંથી મેળવી લેવું.

(૪) ભેટ-કુપન સ્વીકારવાની અંતિમ તારીખ ૩૧-૩-૮૩.

સરનામુઃ— શ્રી કુંદકુંદ કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ
૧૭૩/૧૭૫, મુંબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨

# પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના

દ્વિતીય વાર્ષિક સમાધિદિન નિમિત્તે

## સોનગઢમાં પાંચ દિવસનો ધાર્મિક કાર્યક્રમ

આપણા પરમ આધાર પરમોપકારી પૂજ્યપાદ ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પુણ્ય સમાધિનો દ્વિતીય વાર્ષિક દિન સં. ૨૦૩૯ કારતક વદ સાતમ, તા. ૭-૧૨-૮૨ ના રોજ છે. પરમ કલ્યાણ-મૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૩-૧૨-૮૨ થી તા. ૭-૧૨-૮૨ સુધી પાંચ દિવસનો ધાર્મિક કાર્યક્રમ—શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાન પૂજા, જિનેન્દ્ર-ભક્તિ, ગુરુભક્તિ તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રીના ભિન્ન ભિન્ન શાસ્ત્રો ઉપરના અધ્યાત્મરસ ઝરતાં ખાસ ખાસ પ્રવચનો તથા સમાગત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચનો, પૂજ્ય ગુરુદેવશ્રીની ફિલ્મ વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યો છે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય અને ગુરુભક્તિના આ પ્રસંગનો લાભ લેવા સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. આ પ્રસંગે પધારવાથી આપ સૌને પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં દર્શનનો લાભ મળશે.

**સૂચના:**—(૧) સ્વામીવાત્સલ્ય ભોજનના જેટલા ટંક માટે દાતાઓના નામ નોંધાશે તેટલા ટંક માટે ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવશે, જો કોઈ ટંક વણનોંધાયેલા રહેશે તો તે ટંક માટે ભોજનવ્યવસ્થા સશુલ્ક રાખવામાં આવશે.

(૨) સૌએ પોતપોતાનું પાગરણ સાથે લાવવા વિનંતી છે.

---

**ભેટ-કુપન** **પ્રવચન રત્નાકર ભાગ-૭**

ગ્રાહક નંબર

નામ :

તારીખ

સરનામું :

સહી

[ શ્રી જયંતીલાલ ચત્રભુજ કામદાર તરફથી ગુજરાતી આત્મધર્મના ગ્રાહકોને ભેટ ]

# આજનું સોનગઢ

## નિવૃત્તિપ્રિય મુમુક્ષુઓનું તેમ જ યાત્રિકોનું પાવન આકર્ષણ કેન્દ્ર

આપણા આત્મોદ્ધારક વહાલા ધર્મપિતાની પવિત્ર સાધનાભૂમિ સોનગઢ કે જ્યાંનો કણકણ પદાર્થમાત્રની સ્વતંત્રતાનો સંદેશ આપી આપીને તત્ત્વરસિક અને નિવૃત્તિપ્રિય મુમુક્ષુઓને આત્મસાધના માટે બોલાવી રહ્યું છે. ભવમાં ડૂબેલાં પામર જીવોને 'તું વર્તમાનમાં ભગવાન છો' એવો પ્રભુતામય દિવ્યસંદેશ આપનાર યુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ સોનગઢ ભારતભરના ભવ્યજીવોનું આકર્ષણકેન્દ્ર બનેલ છે. પરમ કૃપાળુ કહાન-ગુરુની પવિત્ર સાધનાભૂમિ સોનગઢમાં લગભગ ૩૦૦ મુમુક્ષુઓના કુટુંબો આજે પણ આત્મસાધના માટે સ્થાયી નિવાસ કરી રહ્યા છે. તે ઉપરાંત ભારતના ભિન્ન ભિન્ન સ્થળેથી–જેવા કે મુંબઈ, કલકત્તા, દિલ્હી, સહરાનપુર, જયપુર, સાગર, જબલપુર, ઉજ્જૈન તેમ જ ગુજરાત–સૌરાષ્ટ્રના નિવૃત્તિપ્રિય આત્માર્થીઓ લાંબો વખત સોનગઢ રહીને શાંતિથી લાભ લઈ રહ્યાં છે.

જેવી રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં હંમેશા બે વખત અનેક પ્રકારની આત્મ-મહિમા-યુક્ત પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃતવાણીનો લાભ મળતો હતો તે જ રીતે આજે પણ સવાર-સાંજ શ્રી સમયસાર, શ્રી યોગસાર, શ્રી છ ઢાળા, શ્રી બહેનશ્રીનાં વચનામૃત, શ્રી કળશટીકા, શ્રી ઇષ્ટોપદેશ, શ્રી પદ્મનંદી શ્રાવકાચાર–દેશવ્રતોદ્યતન અધિકાર,શ્રી પરમાત્મપ્રકાશ ઇત્યાદિ શાસ્ત્રો ઉપરના ટેપ પ્રવચનો દ્વારા મુમુક્ષુહૃદયનો વિરહાગ્નિ શમાવતો, વૈરાગ્યભાવથી ભીંજવતો, પુરુષાર્થની પ્રેરણા આપતો, સિંહગર્જના કરતો પ્રત્યક્ષવત્ પૂજ્ય ગુરુદેવશ્રીનો મંગલમય ઉપદેશ સ્વાધ્યાય-મંદિરમાં સાંભળતાં જાણે કે પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યક્ષ બિરાજતા હોય ને પ્રત્યક્ષપણે કરુણામય ઉપદેશ આપતા હોય એમ અનુભવાતું હોવાથી શ્રોતાજનોથી સ્વાધ્યાયમંદિર ભરચક ભરાઈ જાય છે અને નવા નવા મુમુક્ષુઓનો વસવાટ પણ વધતો જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં પણ અનેકવાર ટેપ-પ્રવચનો સભામાં સંભળાવવાનું બનતું અને તે વખતે પૂજ્ય ગુરુદેવશ્રી પણ એ પ્રવચનો સાંભળીને પ્રસન્નતાથી કહેતા કે 'આહાહા! બહુ સરસ પ્રવચન હતું. અહીંના લોકોનો ખોરાક જ આ છે! રોજ બે વખત ટેપ-પ્રવચન સાંભળે તોપણ દસ વર્ષ સુધી ચાલે એટલા પ્રવચનો ટેપ થઈ ગયા છે. પાછળથી લોકોને બહુ લાભનું કારણ થશે'— એ હૃદયોદ્‌ગારનો મુમુક્ષુજનો આજે અનુભવ કરી રહ્યાં છે.

[ અનુસંધાન પાનું....... ૨૬ ]

## * ગુજરાતી આત્મધર્મના આજીવન સભ્યોની નોંધ *

૧૭૧૧ શ્રી નટવરલાલ કેશવલાલ શાહ જલગાંવ
૧૭૧૨ ,, ચુનીલાલ પદમશીભાઈ શાહ બાવીસણા
૧૭૧૩ ,, ચાંદમલ જૈન મહીદપુરા
૧૭૧૪ ,, મહેન્દ્રકુમાર હજારીમલ સરાફી દાહોદ
૧૭૧૫ ,, સુશીલાબાઈ બાબુલાલ જૈન ઇન્દૌર
૧૭૧૬ ,, ચંદ્રકાંત વાડીલાલ શાહ સુરેન્દ્રનગર
૧૭૧૭ ,, નિલેશ નટવરલાલ દલાલ ઘાટકોપર
૧૭૧૮ ,, બીના આર. શાહ ડોંબીવલી
૧૭૧૯ ,, નંદલાલ શિવલાલ કામદાર વઢવાણસીટી
૧૭૨૦ ,, ચંદ્રકાંત પોપટલાલ શાહ જામનગર
૧૭૨૧ ,, ભારતીબેન આર. કોઠારી મુંબઈ
૧૭૨૨ ,, કલ્યાણમલજી હજારીમલ સરાફ ભિંડવી
૧૭૨૩ ,, યશવંતલાલ ચિમનલાલ પારેખ વડોદરા
૧૭૨૪ ,, વચ્છરાજભાઈ ચીમનલાલ પારેખ રાજકોટ
૧૭૨૫ ,, સ્વરૂપચંદ મોતીલાલ જૈન સનાવદ
૧૭૨૬ ,, એન. એલ. શાહ મુંબઈ
૧૭૨૭ ,, લાલજીભાઈ રામજીભાઈ જૈન મેરાઉ
૧૭૨૮ ,, અજીતપ્રસાદ જૈન અલવર
૧૭૨૯ ,, ડી. આર. શાહ લંડન
૧૭૩૦ ,, મહેન્દ્રકુમાર જયંતિલાલ શાહ ભાવનગર
૧૭૩૧ ,, શાંતિલાલ ચુનીલાલ ખાટડીયા મુંબઈ
૧૭૩૨ ,, સમજુબેન ધારશીભાઈ મહેતા સોનગઢ
૧૭૩૩ ,, અરવિંદ સી. માવાણી મુંબઈ
૧૭૩૪ ,, ભારતીબેન હર્ષદરાય અજમેરા નાગપુર
૧૭૩૫ ,, મદનરાજ છાજડ જોધપુર
૧૭૩૬ ,, શાંતિલાલજી સાંગજી
૧૭૩૭ શ્રી દિલીપકુમાર જયંતિલાલ શાહ મીઠાપુર
૧૭૩૮ ,, અશોકકુમાર જૈન કેલારસ
૧૭૩૯ ,, મહાસુખલાલ નાનચંદ અજમેરા મુંબઈ
૧૭૪૦ ,, સંગીતા જી. હેમાણી મુંબઈ
૧૭૪૧ ,, રશ્મીબેન એચ. મેઘાણી ટાટાનગર
૧૭૪૨ ,, માલદે કાંતિલાલ નેમચંદ ડોંબીવલી
૧૭૪૩ ,, મફતલાલ અમૃતલાલ દેશાઈ અમદાવાદ
૧૭૪૪ ,, રજનીકાંત કે. શાહ મુંબઈ
૧૭૪૫ ,, લીલાધરભાઈ પ્રેમચંદભાઈ શાહ નાઈરોબી
૧૭૪૬ ,, જ્યોતિ દિલીપકુમાર શાહ અમદાવાદ
૧૭૪૭ ,, ગુલાબચંદભાઈ શાંકળચંદભાઈ મુંબઈ
૧૭૪૮ ,, શ્રીચંદ સુંદરલાલ જૈન સોનગઢ
૧૭૪૯ ,, કનકરાય ખીમચંદભાઈ મહેતા રાજકોટ
૧૭૫૦ ,, બોટાદરા પ્રાણલાલ માણેકચંદ વિંછીયા
૧૭૫૧ ,, બોટાદરા હસમુખલાલ માણેકચંદ ,,
૧૭૫૨ ,, વર્ષાબેન જે. મહેતા બેંગલોર
૧૭૫૩ ,, અનંતરાય ચુનીલાલ શાહ અમદાવાદ
૧૭૫૪ ,, ગુણવંતીબેન પાનાચંદભાઈ સોનગઢ
૧૭૫૫ ,, નીલેશ પ્રવિણચંદ્ર ડુંગરભાઈ મીઠાપુર

[ આજીવન ફી ૧૦૧ = ૦૦ ] [ ક્રમશઃ ]



તંત્રી : રામજીભાઈ માણેકચંદ દોશી
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364250
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ [ વાર્ષિક લવાજમ રૂા. ૯ = ૦૦ ]